Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું] [અંક ૮ મો

જેઠ

ઇ. સ. ૧૯૫૨ ૨૫ મી મે

વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૮ મું અંક ૮ મો | જેઠ | વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

अनुक्रमणिका

૧ શ્રી સુપાર્શ્વજિન સ્તવન ... ... (મુનિશ્રી રુચકવિજયજી મહારાજ) ૧૫૫
૨ ઉદયાસ્ત–બોધ ... ...(શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૫૬
૩ સહજ સમાધી ... (શ્રી મગનલાલ મોતીચંદ "સાહિત્યપ્રેમી") ૧૫૭
૪ વૃદ્ધત્વમીમાંસા ... ... (શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૫૮
૫ મનોભૂમિકાનાં આંદોલનો ... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૬૩
૬ શું એ હાર ટોડલો ગળી ગયો? સતી દમયંતીના સત્યની
અગ્નિ–પરીક્ષા હતો : : ૮ ...(શ્રી મગનલાલ મોતીચંદ "સાહિત્યપ્રેમી") ૧૬૬
૭ વ્યવહાર–કૌશલ્ય : ૨ (૩૦૪–૩૦૫) ... (૨૧૦ મૌક્તિક) ૧૭૧
૮ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા (શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા) ૧૭૩
૯ શેઠશ્રી કસ્તુરભાઇના મનનીય વિચારો (શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૧૭૮

પૂજા ભણાવવામાં આવી

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે વૈશાખ શુદિ આઠમ ને શુક્રવારના રોજ આપણી સભા તરફથી સવારના નવ કલાકે શ્રી સામાયિકશાળામાં તેઓશ્રીની મૂર્તિ સમક્ષ નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે સભાસદ બંધુઓએ સારા પ્રમાણમાં હાજરી આપી લાભ લીધો હતો.

પ્રગટ થયો છે. અપ્રાપ્ય ગ્રંથ

શ્રીત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર–ભાષાંતર

આવૃત્તિ છઠ્ઠી [પર્વ. ૧–૨] મૂલ્ય રૂપિયા છ

છેલ્લાં પાંચેક વર્ષથી આ ગ્રંથ મળતો ન હતો તેની છઠ્ઠી આવૃત્તિ અમોએ છપાવીને હાલમાં બહાર પાડી છે. **ત્રિષષ્ઠિશલાકા પુરુષ** ચરિત્રને માટે વિશેષ શું લખવાનું હોય? કાલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચંદ્રસૂરિજી**ની આ કૃતિ સર્વોત્તમ છે. આપણા જૈન–સાહિત્યમાં સુવર્ણ કળશ સમાન છે. તમારી નકલ આજે જ મંગાવી લેશો.

પાકું હૉલક્લૉથ બાઇંડીંગ, ક્રાઉન આઠ પેજી ૪૦૦ પૃષ્ઠ, ઊંચા હોલેંડના કાગળો

મૂલ્ય રૂપિયા છ

લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક ૬૮ મું. અંક ૮ મો | : જેઠ : | વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

શ્રી સુપાર્શ્વ જિન સ્તવન.

(ચોવીસ દંડક વારવા, હું વારીલાલ.)

શ્રી સુપાર્શ્વજિન સેવીએ, હું વારીલાલ, સેવીએ ત્રિભુવન નાથ રે; હું વારીલાલ;
યોગ-ક્ષેમંકર જે હુવે, હું વારીલાલ, નાથતા તેહમાં સિદ્ધ રે. હું વારીલાલ. ૧
જે જનતાને ઉપદિશે, હું વારીલાલ, મારગ મુક્તિનો શુદ્ધ રે; હું વારીલાલ;
જોઇ જનતા ચિત્તને, હું વારીલાલ, ઉપદેશક તે વિશુદ્ધ રે. હું વારીલાલ. ૨
શ્રુત, ચિન્તા ને ભાવના, હું વારીલાલ, જ્ઞાનના ત્રણ પ્રકાર રે; હું વારીલાલ;
શ્રવણ-મનન-પરિશીલતા, હું વારીલાલ, તેહમાં ભાવના સાર રે. હું વારીલાલ ૩
પરિણુતિ તેહથી નિપજે, હું વારીલાલ, બોધ તે શુદ્ધ પ્રકાર રે; હું વારીલાલ;
ભાવના જ્ઞાને જે હુવે, હું વારીલાલ, છૂટે અનર્થ પ્રસાર રે. હું વારીલાલ. ૪
ભાવના જ્ઞાને જ્ઞાન છે, હું વારીલાલ, કરીએ તેહમાં યત્ન રે. હું વારીલાલ;
જિનવર વચન વિલોકીએ, હું વારીલાલ, નય-નિક્ષેપ નિગૂઢ રે. હું વારીલાલ. ૫
નય સુનય કરી ચાલીએ, હું વારીલાલ, ત્યજીએ કુનયની બુદ્ધિ રે; હું વારીલાલ;
રુચકવિજય તો પામીએ, હું વારીલાલ, પરમ પદારથ શુદ્ધિ રે. હું વારીલાલ. ૬

મુનિરાજશ્રી રુચકવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદયાસ્ત બોધ.

"સાહિત્યચંદ્ર" શ્રીયુત્ બાલચંદ હીરાચંદ.

(ભુજંગપ્રયાત)

શશી સૌમ્ય આનંદકારી પ્રદોષે[1], ધરી સૈન્ય નક્ષત્રમાલા વિરાજે;
જુઓ નીકળ્યો જીતવા વિશ્વરાજ્ય, ધરી ગર્વને ચિત્તમાં ધીર પ્રાજ્ય. ૧
ભૂલ્યો એહ દીસે સ્વદેહે કલંક, સહુને ગણે છે જુઓ તુચ્છ રંક;
ધરામાં બિછાવી ભલી ચંદ્રિકાને, જુઓ પાશ એ મોહનો જીતવાને. ૨
જિતે કામનો મોહિની-મંત્ર નાખી, ભૂલે માનવો ચંદ્રિકા-સોમ[2] ચાખી;
થઇ વિહ્વલાત્મા બને કામ-ધામ,[3] બને અંધ સેવે બધા પાપકામ. ૩
અહો ચોર ને જારને એ ઉઠાડે, અતિ ક્રૂર પાપો ધરામાં જગાડે;
કરે અંધ જેવા જુવો દેખતાને, ફસાવે મહાપાપને સેવવાને. ૪
ધરી સૌમ્ય ને શ્વેત તે રૂપ દાખી, ઘણી લાલચો સર્વ મૂકે અનોખી;
નરો તેમ નારી ફસાએ ત્વરાથી, પછી કર્મમાં હાથ ધારી જ રોતી. ૫
હવે મધ્ય આકાશમાં ચંદ્ર આવે, હસે સર્વ નારી નરોને સ્વભાવે,
થયા મોહના દાસ જાણે સહર્ષે, ગણે તુચ્છ તે સર્વને શાપ વર્ષે. ૬
અહો મૂર્ખ કેવા સ્વતઃને ન જાણે, સ્વશક્તિ અજાણે સ્વયં દાસ માને;
અહો ચંદ્રમા વાગુરા[4] કામની છે, હસાવે ફસાવે રડાવે ખરી તે. ૭
હવે ચંદ્રનો માર્ગ નીચે જવાનો, અધોમાર્ગમાંહે પડી ભૂલવાનો;
અહો પશ્ચિમે અસ્તને શોધવાનો, જુવો પાપના એ ફળો ચાખવાનો. ૮
ઉષા પૂર્વ ભાગે કરે છે પ્રકાશ, ભરે સર્વ આકાશ થાએ ઉજાસ;
અહો ચંદ્રનું સૈન્ય તારા બધાએ, ગુમાવે સ્વયં તેજ નિસ્તેજ થાએ. ૯
જુઓ ચંદ્ર એ ખાખરા[5] તુલ્ય થાય, ગયું તેજ નિસ્તેજ થઇ સત્વ જાય;
જુઓ ગર્વ ખોટો હરે સર્વ માન, દિસે એહ પ્રત્યક્ષ એનું પ્રમાણ. ૧૦
કુમાર્ગે ચઢાવ્યા બગાડ્યા ઘણાને, મહાપાપ આરંભ કીધા સહૂને;
ફળો ક્રૂર પ્રત્યક્ષ ચાખ્યા જુવોને, અહો ચેતજો સૌ ભલા સાંભળીને. ૧૧
ઊગ્યો તેજ અંબાર તે પૂર્વમાહે, થયો એકનો અસ્ત બીજો પ્રભાવે;
જગચ્ચક્ર એવું ફરે છે સદાનું, નહીં તેહથી હર્ષ દુઃખી થવાનું. ૧૨
ચઢે તેહ વેગે પડે છે ધરામાં, નહીં સાર આનંદ વા દૂભવામાં;
ધરી ધૈર્ય સામ્યત્વને રાખવાનું, સદા હર્ષ વા શોકને ટાળવાનું. ૧૩
ખરી સામ્યવૃત્તિ થશે જો કદાપિ, ખરો માર્ગ નિષ્કર્મનો ચિત્ત થાપી;
શશી આથમ્યો વા ઊગ્યો સૂર્ય દેખી, હરો ચિત્તથી ભેદ વૈષમ્ય નાખી. ૧૪
અહંભાવ છોડો સમાવૃત્તિ ધારો, વિકારો તજી દ્યો સહુ દુઃખ હારો;
ખરો ધર્મ પાળી તરો સંસૃતીને, વિનંતી ધરી ચિત્ત બાલેન્દુની તે. ૧૫

---

૧ સાંજે. ૨ ચાંદનારૂપી દારૂ. ૩ કામ-વિકારનું સ્થાન. ૪ જાળ. ૫ પલાશનું પાંદડું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહજ સમાધિ.

(અનુવાદકઃ–મગનલાલ મોતીચંદ શાહ, વઢવાણ કેમ્પ.)

અનુષ્ટુપ.

ન જ્ઞાન સ્વસ્વરૂપનું, તે ન જાણે પરાત્મને;
જાણવા પરમાત્મને, કરો નિશ્ચય આત્મમાં. ૧
ન જાણે આત્મ તત્ત્વને, ત્યાં નથી આત્મ સ્થિરતા;
મૂંઝાય જૂદો માનતાં, દેહ વ્યાપી સ્વ આત્મને. ૨
નથી આ ભેદ જ્ઞાન જ્યાં, આત્મ લાભ અલભ્ય ત્યાં;
જેથી સ્વજ્ઞાનની સ્ફૂર્તિ, સ્વપ્નમાં પણ દુર્લભ. ૩
મોક્ષાર્થી નિશ્ચયો કરે, સમ્યગ્ આત્મસ્વરૂપના;
પરપર્યાયની સર્વે, કલ્પના જાળ છેદીને. ૪
ત્રિપ્રકારે રહ્યો આત્મા, સર્વ ભૂતે વ્યવસ્થિત;
ત્રિ વિકલ્પે કહેવાયો, આન્તર્બાહ્ય અને પર. ૫
આત્મબુદ્ધિ તનાદિમાં, આત્મવિભ્રમથી થતી;
ઘેરાયો મોહ નિદ્રામાં, તે બહિરાત્મ જાણવો. ૬
બાહ્ય ભાવો તજી જેનો, નિશ્ચય સ્વાત્મમાં થયો;
ત્યાં માને અંતરાત્મતા, ભ્રાંતિ–નાશક જ્ઞાનિયો. ૭
નિર્લેપ શુદ્ધ ચૈતન્ય, અસંગી અતિ મુક્ત જે;
નિર્વિકલ્પ સદા સિદ્ધ, સ્વરૂપે પરમાત્મ છે. ૮
નિર્વિકલ્પ અતીન્દ્રિય, જૂદો રહ્યો સ્વભાવથી;
દેહાદિ વિષયોમાંથી, યોગિયો આમ ચિન્તવે. ૯
બહિરાત્મપણું ત્યાગી, અંતરમાં બની સ્થિર;
અવ્યય શુદ્ધ અત્યન્ત, જાણો એ પરમાત્મને. ૧૦
માને છે મતિમૂઢ જે, દેહ સ્વરૂપ આત્મને;
જ્ઞાની માને તને વ્યાપ્ત, દેહાતીત નિરામય. ૧૧
ઘેરાયો ઇન્દ્રિયોથી જે, જોનારો તત્ત્વવિકૃતિ;
સ્વરૂપે બહિરાત્માઓ, આત્માને દેહ માનતા. ૧૨
દેવતા દેવ પર્યાયે, નૃપર્યાયે મનુષ્ય હું;
પશુ પક્ષીરૂપે તેવો, માને નર્કેજ નારકી. ૧૩
મૂઢ અજ્ઞાનથી આમ, માની ભવાબ્ધિ ભાટકે;
આત્મા અમૂર્ત તદ્રૂપ, સ્વ સંવેદ્ય મનાય છે. ૧૪
સ્વપર દેહવ્યાપી આ, આત્મા જ અવિકારી છે;
જ્ઞાની જેથી જ આત્મમાં, આત્મબુદ્ધિ કરી રહ્યા. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

वृद्धत्वमीमांसा ।

શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી

પાંચેક વર્ષ ઉપર શ્રી જૈનધર્મ પ્રકાશમાં મેં વૃદ્ધત્વમીમાંસા ઉપર ત્રણેક લેખો લખ્યા હતા. હવે તે જ વિષય ઉપર કાંઇ વિશેષ અજવાળું પાડવા માટે આ લેખ લખવામાં આવે છે. પાંચેક વર્ષ ઉપર મેં લેખો લખ્યા ત્યારે મારી ઉંમર આશરે સીત્તેર વર્ષની હતી. હવે પંચોતેર વર્ષ પૂરાં કર્યાં છે. પહેલાના લેખો સીત્તેર વર્ષ પછી અને હવેનો લેખ પંચોતેર વર્ષ પછી વૃદ્ધ માણસોએ કેમ રહેવું ? જીવનદૃષ્ટિ કેવી રાખવી ? જીવનને એક ભારરૂપ કરવા કરતાં કેવી રીતે ઉપયોગી સુખી-સંતોષી જીવન બનાવવું, તે હકીકત કેટલાક સ્વાનુભવ ઉપરથી અને કેટલાક વાંચન પછી દર્શાવવાનો આ મારો પ્રયાસ છે.

માણસ ઉમર લાયક થાય છે, વૃદ્ધ થાય છે, જીવનના પંચોતેર જેટલા વર્ષો પસાર કરે છે, ત્યારે શરીર ક્ષીણ થાય છે, ઈંદ્રિયો કામ કરતી નથી, આંખે ઓછું ભળાય છે, કાને ઓછું સંભળાય છે, ચાલતાં પગ લથડાય છે, હાથ પૂરા કામ આપતા નથી, આવી રીતે શરીર ક્ષીણ થયા પછી, ઘણા વૃદ્ધ માણસો ઇચ્છે છે કે-આ શરીર છૂટી જાય તો દુઃખનો પાર આવે. આવી ઇચ્છા વ્યાજબી નથી, રાખવા જેવી નથી. આપણે તો કર્મના અચલ નિયમમાં માનનાર છીએ, આપણને જે સુખ દુઃખ મળે તે આપણા પૂર્વકર્મોનું ફળ છે, જે કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. વળી આપણે તો આયુષ્ય કર્મને પણ માનનાર છીએ. માણસનું આયુષ્ય નક્કી થયેલ છે, તેમાં જરા પણ વધારો થતો નથી અને સામાન્ય રીતે ઘટાડો પણ થઇ શકતો નથી. બીજું આ દેહ છોડ્યા પછી આથી સારો દેહ મળશે એની આપણને ખાત્રી નથી. બીજા દેહ વખતે બંગલા, મોટર વિગેરે બધી અનુકૂળ સામગ્રીઓ મળવાની કોઇને ખાત્રી નથી. ટૂંકામાં દેહ ક્ષીણ થાય અને પૂરું કામ ન આપી શકે તે વખતે દેહને છોડવાની અને અન્ય દેહ મેળવી સુખી થવાની અભિલાષા રાખવી અસ્થાને છે.

આવી વિષમતા શરીર અને મન વચ્ચે થવાનું કારણ એ છે કે-શરીરનો જેવો પરિપાક ઉમરને લીધે થાય છે તેવો પરિપાક મનને થતો નથી. જીવન દરમ્યાન આપણે ઇંદ્રિયોના વિષયોને વશ રહ્યા હોઇએ છીએ. ઇંદ્રિયોને વશ કરવાને બદલે આપણે ઇંદ્રિયોના દાસ બન્યા હોઇએ છીએ. એટલે શરીર જ્યારે આરામ માગે છે ત્યારે મન તો પરિપકવ ન થયેલ હોવાથી, વિશેષ સુખના નવા નવા તરંગો અને મનોરથો કરતું હોય છે, આવી રીતે શરીર અને મનના પરિપાકમાં વિષમતા હોવાથી જીવનના બંને ચક્રો સરખા ચાલતા નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને જીવન સરખું વહેતું ન હોવાથી પ્રતિકૂળતાવાળું દુઃખમય જણાય છે. સમજુ માણસે ઉમર થતાં મનને વશ કરતા શીખવું જોઇએ. જેને આપણા શાસ્ત્રકારો સંયમ કહે છે, તેવો સંયમ પ્રાપ્ત કરવો જોઇએ. અને આવો સંયમ–સમભાવ મેળવવાને ઉચિત ધર્મક્રિયાઓ–સામાયિક, દેવપૂજા, ધર્મશ્રવણ, વાંચન રાખવું જોઇએ ઘણીવાર એવો અનુભવ થાય છે કે શરીર અસ્વસ્થ હોય, બેસવા ઉઠવાની પણ શક્તિ ન હોય ત્યારે મનને આવા વાંચન, લેખન આદિ વ્યાપારમાં રોકવામાં આવે ત્યારે શરીરના બધા દર્દો ભૂલી જવાય છે અને એક જાતનો આનંદ અને સંતોષ અનુભવાય છે.

વૃદ્ધ માણસે જીવનની પ્રવૃત્તિના જૂદા મૂલ્યાંકનો કરવા જાણવું જોઈએ. પાછલા જીવન ઉપર દૃષ્ટિપાત કરવો જોઇએ. બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને પુખ્ત અવસ્થા ઉપર નજર નાંખતા તેને જણાશે કે બાલ્યાવસ્થાના ઘણા વર્ષો તો સમજ વિનાની મૂર્ખાઈભરેલી લાગે તેવી પ્રવૃતિમાં ગયા છે. યુવાવસ્થા પૈસો મેળવવા આદિના ધમપછાડવાળા કામોમાં ગયેલ છે. ત્યારપછીની પુખ્ત અવસ્થા, કુટુંબજંજાલ આદિ આધિ, વ્યાધિ અને ઉપાધિમાં પસાર થયેલ છે. બાલ્યાવસ્થા અને પુખ્ત અવસ્થા પસાર કર્યાં પછી વૃદ્ધાવસ્થા આવે છે, તે અવસ્થામાં ઉપાધિ નથી, શાંતિ છે, રળવા ખપવાની જંજાલ ચાલી ગઇ છે. આ અવસ્થામાં ફુરસદ છે, સ્વતંત્રતા છે, ઘડીયાલને ટકોરે જાગવાનું, ઉઠવાનું કે કામ કરવાનું નથી. આવી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય ત્યારે માણસે શા માટે ભાવના ન કરવી કે હાશ હવે હું સંસારરૂપી સમુદ્રના તોફાનમાંથી બહાર આવ્યો છું. સમુદ્રના તોફાનમાંથી કિનારા પર આવતાં જેવો માણસને આનંદ થાય તેવો આનંદ વૃદ્ધ માણસને થવો જોઈએ, અને વૃદ્ધાવસ્થા સંતાપ અને દુઃખના કારણને બદલે આનંદ અને સંતોષનું કારણ બનવું જોઇએ.

વૃદ્ધ માણસે પોતે જીવનદૃષ્ટિ બદલવી જોઇએ. પોતાના શરીર અને પોતાના કુટુંબને સર્વસ્વ માનવાને બદલે, સમાજ અને દેશને પોતાના માનતા શીખવું જોઇએ. બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી થવાની ભાવના રાખવી જોઇએ. આપણા શાસ્ત્રકારો મૈત્રી ભાવના, પ્રમોદ ભાવના, કરુણા ભાવના અને માધ્યસ્થ ભાવના ભાવવાનો જે ઉપદેશ આપે છે તે જીવનમાં ઉતારતા શિખવું જોઇએ. આવી રીતે બીજા પ્રાણીઓ અને મનુષ્યો તરફ દૃષ્ટિ રાખતાં તેનો પ્રત્યાઘાત આપણા ઉપર પડે છે અને તેઓના અંતઃકરણની શુભ ભાવનાઓ આપણને સુખ અને સંતોષ આપનાર બને છે, માટે વૃદ્ધ માણસોએ જીવનદૃષ્ટિ ઉદાર કરવી, અને સર્વ પ્રાણીઓનું હિત ઇચ્છવા સતત પ્રયત્ન કરવો જોઇએ.

બીજી એક હકીકત–આખું જીવન માણસ રળે છે, પૈસો એકઠો કરે છે, બેંકોમાં ખાતા રખાવે છે. હવે વૃદ્ધાવસ્થામાં તે ક્રમ બદલાવો જોઇએ. રળવાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બદલે ખર્ચવાનો, નાણુાંના ખાતા પડાવવાને બદલે ખાતાંઓ બંધ કરાવવાનો, પૈસાના સરવાળા અને ગુણાકાર કરવાને બદલે બાદબાકી અને ભાંગાકાર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આવી રીતે જીવનવ્યવહાર બદલવાથી તેનો ભાર ઓછો થઇ જશે અને એક ભારરહિત જીવન સુખ અને સંતોષમાં ગાળી શકાશે.

વૃદ્ધાવસ્થામાં માણસે કેવી દિનચર્યા પાળવી ? શું ખાવુંપીવું ? કેવા ઉપચારો કરવા ? કેવું વાંચન-શિક્ષણ રાખવું વિગેરે હકીકતો સ્વાનુભવથી સંક્ષિપ્તમાં હું ટાંકું છે. પોતાના સંજોગો પ્રમાણે આ સૂચનાઓનો અમલ કરવાથી હું માનું છું કે વૃદ્ધ માણસ આનંદથી જીવન ગુજારી શકશે.

માણસે બની શકે તેટલે દરજ્જે શહેરના ઘોંઘાટવાળા ભાગથી શહેર બહારના પ્લૉટ જેવા શાંત હવાવાળા ભાગમાં રહેવાનો પ્રબંધ કરવો, તેથી મગજને શાંતિ મળે અને સહેલાઇથી બહાર હરવા ફરવાનો અવકાશ મળે.

હમેશાં વેલાસર સૂવાનો નિયમ રાખવો. ઊંઘ ન આવે તો પણ આરામ માટે સુવું. સવારના વેલાસર ઉઠવાનો અભ્યાસ પાડવો. ઉઠીને પ્રભુનું સ્મરણ કરવું. સારા સ્તવનો સ્તોત્રો વિગેરે શાંતિથી બોલવા, તેના અર્થનું મનન કરવું. જ્ઞાનસાર, વૈરાગ્યશતક જેવા અધ્યાત્મના પુસ્તકોમાંથી અમુક શ્લોકો પસંદ કરી તેનું મનન અને નિદિધ્યાસન કરવું. એક મુનિમહારાજે મારા મંદવાડમાં મને સૂચના આપી હતી કે–તમે ઘણું વાંચ્યું, લખ્યું છે, માટે હવે શરીર અસ્વસ્થ હોય તો બધું છોડી દ્યો અને વાંચેલા વિષયોનું ચિંત્વન કરો

સવારે રોજ બહાર ફરવાનો નિયમ રાખવો. જેટલું બની શકે અને શરીરને થાક ન લાગે તેટલું ખુલ્લી હવામાં ચાલવું. ટટ્ટાર રહીને ચાલવું. ઘરડાની જેમ વાંકા વળીને ન ચાલવું. ટટ્ટાર રહીને ચાલવાથી ફેફસાંને કામ મળે છે. ફેફસાંનો જે ભાગ બીજા સમય દરમ્યાન ઉપયોગ વિનાનો રહ્યો હોય છે, તે સારી રીતે કામ કરતાં થાય છે. ખુલ્લી હવામાં ફરવા જતાં દરમ્યાન કોઇ સાથે બોલવાનું બની શકે તેટલું બંધ રાખવું. બોલવાથી ફેફસાંને થાક લાગે છે, જેની અસર હૃદય ઉપર પણ થાય છે.

બપોરે જમ્યા પછી, સૂવાનો નિયમ રાખવો જેથી ખાધેલો ખોરાક સહેલાઈથી પચી જાય. સાંજના ઈચ્છા થાય તો થોડું ઘણું ફરવું. સમાન વય અને સ્વભાવવાળા મિત્રો સાથે બેસવું ઉઠવું. કલબમાં આનંદ આવે તો તેમાં થોડોક સમય પસાર કરવો.

સાંજના જમવાનું ઓછું રાખવું. જમ્યા પછી ઘરના નાના મોટા માણસો સાથે બેસી વાર્તાલાપ કરવો, અનુભવની વાતો કરવી, બની શકે તો સારા રાગમાં નાના ભાઈઓ અને બ્હેનો પાસે પદો, માંગલિક સ્તોત્રો વિગેરે ગાવા ગવરાવવા. સૂતા પહેલાં આવું શ્રવણ એક ટૉનિક (પુષ્ટિકારક દવા) તરીકે કામ કરે છે, અને રાત્રિ શાંતિ અને આનંદમાં પસાર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણે ગૃહજીવન(Home life)ની કિંમત ઓછી રાખીએ છીએ. આપણા પત્ની, દીકરીઓ, વહુઆરો અને બાળકો સાથે બેસી અનુભવની સ્વાર્થ અને પરમાર્થની વાત કરતાં જે આનંદ મળે અને જીવનમાં જે સંસ્કાર આવે તેની કિંમત કરતાં આપણે શીખવું જોઈએ.

વૃદ્ધ માણસે જેમ બને તેમ ઓછી જઠરની મહેનતે પચે તેવો પોષ્ટિક આહાર લેવો. ચા લેવી હોય તો ઉકાળ્યા વિનાની અર્ધોઅર્ધ દૂધવાળી લેવી. દૂધ ગાયનું વાપરવું. ફળોનો ઉપયોગ વધારે કરવો. લીલોતરી પણ સારા પ્રમાણમાં ખાવી જેથી ક્ષારો અને પ્રાણપૂરક તત્વો (vitamins) પૂરતાં મળી શકે. હાલમાં ચોખાં દૂધ ઘી મળતા નથી, તો બની શકે તો એકાદ સારી ગાય ઘર આંગણે રાખવી. તેમ ન બની શકે તો સારું ચોકખું દૂધ વેચાતું લઈ, તેમાંથી ઘરે માખણ અને છાશ આપણે જરૂર હોય તટલા બનાવવા. તાજું માખણ એક ઘણી ઉપયોગી વસ્તુ છે, સહેલાઈથી પચે છે, ઘરની છાશ પણ ઘણી ગુણકારી અને સ્વાદિષ્ટ બને છે. ખર્ચમાં વાંધો હોય તો બીજા બહારની મીઠાઇ વિગેરે લાવવાના ખર્ચ ઓછા કરવા, પણ દૂધ દહીં માખણ છાશ જેવી ઉપયોગી ચીજોમાં બચાવ ન કરવો. ધર્મ પાળવા માટે પણ તંદુરસ્ત શરીરની જરૂર છે. શાસ્ત્રમાં કહ્યું છે કે **शरीरमाद्यं खलु धर्मसाधनं** ધર્મ કરવા માટે શરીર મુખ્ય સાધન છે. એટલે શરીરના સ્વાસ્થ્ય તરફ દુર્લક્ષ્ય આપવું ન જોઇએ.

દાંત, ગળું, જીભને સ્વચ્છ કરવાને અને નિરોગી રાખવાને ત્રિફળા ચૂર્ણનો ઉપયોગ ઘણો આવશ્યક છે. ઘણા વર્ષોથી ત્રિફળાનો ઉપયોગ હું કરું છું, તેથી ઘણો લાભ થયો છે.

હાલના કાળમાં દવાઓ, ઇંજેકશનો લેવાનો એક મેનીયા(ઘેલછા) થયેલ જોવામાં આવે છે. દરદીના આખા શરીરના બંધારણનો અભ્યાસ કર્યા વિના, તેની ભૂતકાળની રહેણીકરણી જાણ્યા વિના રોગ મટાડવા અનેક પ્રકારની દવાઓ અને ઈંજેકશનો આપવામાં આવે છે. અલબત તેવા એકદમ ઊભા થયેલા રોગો–જેવા કે ટાઈફોઇડમાં આવી દવાઓની જરૂર છે. પણ તે વિચારીને આપવી જોઈએ. એક રોગ જબરાઇથી મટાડતા શરીરને કાયમ માટે નબળું ન બનાવે તેવી આકરી દવાઓ લેતાં વિચાર કરવો જોઇએ. વૃદ્ધ માણસે તો વૃદ્ધ અનુભવી દાકટરની દવા લેવાનો વિચાર રાખવો જોઇએ. માણસના શરીર ઉપર નવા નવા પ્રયોગો, નવી નવી પેટંટ દવાઓ વાપરવા પહેલાં વિચાર કરે તેવા અનુભવી દાકટરની સલાહ લેવી જોઈએ. મારો અનુભવ તો એ છે કે–જેમ બને તેમ ઓછી દવાઓ લેવી, આકરી દવાઓ ન લેવી. આ દવા એક રોગ મટાડે છે, બીજા રોગને સ્થાન આપે છે. આપણી દેશી દવાઓ અભ્રક ભસ્મ જેવી ઘણી ઉપયોગી મને જણાય છે. આવી દવાનું સેવન લાંબો વખત કરવાથી શરીરને તાઝગી આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃદ્ધ માણુસે સમાજ કે વ્યવહારમાંથી અલગા ન પડવું જોઇએ. શરીર ઓછું કામ આપે તો બુદ્ધિ અને મનથી કામ કરવું. શરીર કરતાં બુદ્ધિ અને મન ઓછાં કિંમતી નથી. કોઈ સમાજનું કામ કરી શકતા હોઈએ તો કર્યા કરવું. તેની ઉપાધિ ઓછી કરી નાંખવી. અને આવા લોકોપયોગી કામ માટે બીજાઓને ટ્રેઇન્ડ કરી-શિક્ષણ આપી તૈયાર કરવા જોઇએ, જેથી આપણી ગેરહાજરીમાં આવાં કામ અટકી ન પડે.

અવારનવાર બની શકે તો સારાં સ્થળોમાં-હવા ખાવાના કે તીર્થના સ્થળોમાં સ્થળાંતર કરવાનો નિયમ રાખવો. આમ કરવાથી શરીરને આરામ મળે છે, મનને વિષયાંતર થવાથી નવી સ્ફુર્તિ મળે છે. જૂદા જૂદા માણસોના પરિચયમાં અવાય છે, નવા નવા વિચારોની આપલે થાય છે. સંસાર છોડી જેણે સંન્યાસ લીધો નથી, શ્રમણમાર્ગ ભાવથી સ્વીકાર્યો નથી, તેને જગતના અને સમાજના પ્રવાહથી અલગ-અપરિચિત રહેવાથી લાભ નથી, નુકશાન છે. સમાજનું કાંઈ ઉપયોગી કામ તેનાથી થઈ શકતું નથી અને તેને પોતાને અર્થહીન જીવન લાગે છે.

ઉપર કેટલાક સ્વાનુભવથી બાંધેલા વિચારો અને બહારના વાંચનથી મેળવેલ વૃદ્ધપણાને ઉપયોગી માહિતી અહીં આપવામાં આવેલ છે. સુજ્ઞ વાંચકોએ પોતાના સંજોગો, પોતાના અનુભવો પ્રમાણે જીવનદૃષ્ટિ કેળવવાની રહે છે.

બે પ્રકારનાં રંજન

એક લોકરંજન અને બીજું લોકોત્તર રંજન. આ બેમાં શું કરવા યોગ્ય છે? ભરત ચક્રવર્તીના મનમાં પણ આ જ સવાલ ઉદ્‌ભવ્યો હતો. ચક્રરત્નની પ્રથમ પૂજા કરવી કે પિતાશ્રી આદિનાથનો કેવળજ્ઞાન મહોત્સવ પ્રથમ કરવો? આવા પરસ્પર ગુંચવણવાળા સવાલો (Questions of Relative Duties) આપણને ઘણી વાર મૂંઝવે છે. શ્રીમાન ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ શ્રી મલ્લિનાથજીના સ્તવનમાં કહે છે કે—

"રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી."

લોકો ગમે તે વાત કરે પણ આપણે તો સાંઇને-પ્રભુને જ રીઝવવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનોભૂમિકાનાં આંદોલનો.

(લેખક—સાહિત્યચંદ્ર શ્રીયુત બાલચંદ હીરાચંદ-માલેગામ.)

આપણી ઇંદ્રિયો કે જે આપણા શરીરનો મુખ્ય ભાગ છે,' તેના ઉપર થતા આંદોલનો કે પ્રત્યાઘાતો આપણે સમજીએ છીએ. સુંદર સંગીત આપણા કાન ઉપર અથડાય છે ને આપણે સુસંવેદના અનુભવીએ છીએ, તેમ ભયંકર અવાજ થતા આપણે ધ્રુજી ઉઠીએ છીએ. મધુર સુગંધ આપણી નાસિકામાં પ્રવેશે છે ને આપણે સંતોષ માનીએ છીએ તેમ નર્કાગાર જેવી દુર્ગંધ નાસિકામાં પ્રવેશતા આપણે ગભરાઇએ છીએ. સુંદર કલામય ઉત્તેજક દૃશ્ય જોઇ આપણે મનઃશાંતિ અનુભવીએ છીએ તેમ ધૃણાસ્પદ અભદ્ર દેખાવ જોતાં આપણી આંખ તરતજ મિંચાઇ જાય છે. અનુકૂલ શીતલ અને સુંવાળો સ્પર્શ થતા હૃદય આનંદ અનુભવે છે, તેમ કઠોર, ઉષ્ણ અને કાંટાળો સ્પર્શ આપણું સ્વાસ્થ્ય ભંગ કરી મૂકે છે. મતલબ કે શરીર ઉપર જે આંદોલનો થાય છે તેનો સારો કે ખોટો અનુભવ આપણને મળે છે. પણ એ અનુભવ મુખ્યત્વે કરી મનની સ્વસ્થતા ઉપર આધાર રાખે છે, એ વસ્તુ આપણે ધ્યાનમાં રાખવાની ઘણી અગત્ય છે. શરીર રોગથી ગ્રસ્ત થએલ હોય, કોઇ સાંસારિક મહાન્ આપત્તિમાં આવી પડેલું હોય ત્યારે ઉપરોક્ત બધા અનુભવો લૂલા પડી જાય છે. ચિત્ત ચિંતામગ્ન હોય છે ત્યારે મધુર ગાયન પણ પ્રતિકૂલ લાગે છે રોગીની આગળ સ્વાદિષ્ટ અને રસપૂર્ણ મિઠાઇ લાવી મૂકવા છતાં તેને તે કડવી ઝેર જેવી લાગે છે. વ્યગ્ર ચિત્તવાળો જમી જાય તો પણ તેને રસાસ્વાદનું સ્મરણ સરખું પણ રહેતું નથી. આપણે કોઇ રસકથામાં વ્યગ્ર હોઇએ તેવે વખતે કોઇ ત્યાં આવી અમુક વસ્તુ ઉપાડી જાય છતાં આપણને તેનું સ્મરણ પણ રહેતું નથી. મતલબ કે મન ઠેકાણે હશે, તે પોતાનું કાર્ય ઠીક રીતે કરતું હશે ત્યારે જ ઇંદ્રિયોના વિકાર-આંદોલનોનું તેના ઉપર પરિણામ થાય છે. અન્યથા શરીર ઉપરના આંદોલનો મનોભૂમિકા ઉપર પહોંચી શકતા નથી અર્થાત્ કાર્ય કરી શકતા નથી.

એ વિવેચન ઉપરથી એ ફલિત થાય છે. શરીર એ સ્વતંત્ર વસ્તુ છે. વિકારો એ કોઇ બીજી જ વસ્તુ છે અને મન એક સ્વતંત્ર કાર્યક્ષમ ક્ષેત્ર છે. અને ત્રણે એકત્ર મળી કાંઇ કાર્ય કરે તો જ તે પરિણામકારક નિવડી શકે છે. શરીર અમુક કાર્ય કરતું હોય, વાસના બીજે માર્ગે દોડતી હોય અને મન અન્યથા વિચાર કરતું હોય ત્યારે પરિણામ શું આવે ? અર્થાત્ કાંઇ જ નહીં. ગાયક અમુક સ્વર આલાપતો હોય, સ્વર મંજૂષા બીજે સૂર આપતી હોય અને મૃદંગ ત્રીજે જ તાલ આપતો હોય એવા ગાયનમાં કેવો રસ જામવાનો ?

मनस्यन्यत्वचस्यन्यत्कार्यमन्यत् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનમાં એક જાતના વિચાર ચાલતા હોય, મોઢે બીજી ભાષા બોલાતી હોય અને કાર્ય ત્રીજું જ ચાલતું હોય તેની ફલનિષ્પત્તિ શું થવાની? અર્થાત્ કાંઇ નહીં. આપણી દરેક ધર્મક્રિયામાં એવો જ અનુભવ આપણને મળે છે, એ વસ્તુ આપણે ભૂલવી જોઇએ નહિ.

કેવળ કીર્તિના લોભે બાહ્ય આડંબર અને ભપકો કરી ધર્મધુરંધરનો ઇલ્કાબ ધારણ કરી અન્યચિત્તે લોકવિરુદ્ધ અનેક ઘૃણાસ્પદ કાર્યો કરનારાઓ શું ફળ મેળવી શકતા હશે? એ વિચારણીય વસ્તુ છે. ધર્મક્રિયાઓ અને ધર્મના અનુષ્ઠાનો લોકોમાં વાહવાહ બોલાવવા પૂરતા જ હોય એવી અનુચિત કલ્પના પણ કોઈ કરી ન શકે. ધર્મ ક્રિયાઓનો મુખ્ય ઉદ્દેશ મનના આંદોલનો સુધારવાનો જ હોઇ શકે. મનની સુધારણા કરવાનું કાર્ય ક્રિયાથી સધાતું હોય તો જ ધર્મક્રિયાનો હેતુ સફળ થયો ગણાય. અન્યથા ધર્મક્રિયા કેવળ દેહદંડરૂપ જ નિવડવાની. ધર્મક્રિયા એ વસ્તુ ખુદ ધર્મરૂપ નથી પણ ધર્મના સાધનરૂપ એ વસ્તુ છે! મનના આંદોલનો આત્મોન્નતિને સુસંવાદી થઇ એકેક પગલું આગળ વધવા માટે ઉપયોગી નિવડે તો જ આપણે યત્કિંચિત્ ધર્મસાધના થઇ એમ ગણાય. એમ ન થતું હોય અને અનુષ્ઠાન પહેલાં આપણે જે ભૂમિકા ઉપર હતા ત્યાં જ અટકી જતા હોઇએ તો આપણું એ અનુષ્ઠાન કેવળ કષ્ટક્રિયા જ થવાની! ઉલટાની દોષના સહભાગી આપણે થઇ ગયા હોઇએ એવો સંભવ ઉત્પન્ન થવાનો.

આપણે શ્રાવક સૂત્રનો મોઢે ઉચ્ચાર કરતા હોઇએ ત્યારે તેમાં દર્શાવેલ દરેક દોષ પરત્વે આપણો પોતાનો ક્યાં સુધી સંબંધ આવે છે, આપણે પોતે એ દોષમાં કેટલા સંડોવાએલા છીએ એનો વિચાર ઉત્પન્ન થવો જોઇએ અને મનમાં ધ્રૂજારી છૂટવી જોઇએ. આપણા પશ્ચાત્તાપનો યોગ વધવો જોઇએ. જે પ્રાણીના સંબંધમાં આપણી ભૂલ થએલી હોય તેના પ્રત્યે અશ્રુભર્યા નયને નત મસ્તક થઇ ક્ષમાની યાચના મનમાં વધી જવી જોઇએ અને ફરી એવી ભૂલ ન થાય એ માટે સાવચેતી જાગવી જોઇએ. મતલબ કે મનના પ્રદેશ ઉપર ભારે આંદોલનો થવા જોઇએ. દ્રવ્યમનથી લગાડી ભાવમન સુધીનો પ્રદેશ કરુણા ભાવથી રંગાઇ ગયો હોવો જોઇએ. મનના ભાવો જ બદલાઇ ગએલા હોય એટલે એનું પરિણામ ઇચ્છા, વાસના કે સામાન્ય વિચારો ઉપર પડે અને સ્થૂલ શરીરમાં તેના પડઘા પડ્યા વગર રહે જ નહીં. માનવને સુધારવાનો એટલું જ નહીં પણ માનવને માનવપણું આપવાનો ધર્મશાસ્ત્રકારોએ એ સીધો જ માર્ગ શોધી કાઢેલો છે. એને આપણે ધર્મ જેવા પવિત્ર નામે ઓળખીએ. ધર્મ-સાધનાનો એવો માર્ગ આપણે અનુસરતા શીખીએ.

સારાંશ ધર્મક્રિયા સફળ થવાનો મુખ્ય અર્થ આપણી મનોભૂમિકા ઉપર કેવું આંદોલન થાય છે તે ઉપરથી જાણવાનો હોય છે. મનોભૂમિકા ઉપર કોઈ પણ જાતનું આંદોલન થયું જ ન હોય તો બધું છાર ઉપર લીંપણું જ સમજી લેવાનું!

એવી રીતે મનોભૂમિકા ઉપર શુભ પરિણામો લાવવા માટે પહેલી શરત એ છે કે—તે માટેના સૂત્ર, અર્થ, સંહિતા શબ્દના આરોહઅવરોહ અને તેનું અંતરંગ અને હેતુ એ બધું સાધકે સમજી લેવાની જરૂર છે. એ સમજી લેવાથી દરેક શબ્દના ઉચ્ચાર સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનોભૂમિકા સુધી તેના આંદોલનો પહોંચી મન સુધરી જાય અને મન સુધરવું એ જ મુખ્ય ઉદ્દેશ હોવાને લીધે મુખ્ય કાર્ય સધાઇ જાય. આપણે જ્યારે કોઇ આપણને ઇષ્ટ એવી વસ્તુ બીજાના મન ઉપર ઠસાવવા માંગતા હોઇએ ત્યારે જેમ આપણો ધ્વનિ, આપણી શબ્દરચના અને આપણો આવેશ યોગ્ય રીતિએ વાપરી સામા માણસને આપણા વિચારો માનતો કરી લઇએ છીએ તેવી જ ચિવટાઇ સૂત્રોચ્ચાર સાથે રાખવામાં આવે તો જ આપણે ધર્મ અને તેનું ફળ પામીએ. અન્યથા વ્યર્થ શારીરિક શ્રમ જ થવાનો, એ વસ્તુ આપણા સ્મરણમાં રાખવાની જરૂર છે.

જેમ શ્રાવકસૂત્ર અર્થાત્ વંદિત્તાસૂત્ર બોલતી વખતની મનોભૂમિકાનું સ્વરૂપ આપણે જોઇ ગયા તેમજ જ્યારે જ્યારે પ્રભુના સ્તવનો ગાવાનો પ્રસંગ હોય ત્યારે પણ આપણે તદાકાર ચીવટ રાખવાની જરૂર છે. અનેક સંત, યોગી મહાત્મા પુરુષોએ પોતાની પ્રતિભા સ્તવનોના રૂપમાં પ્રગટ કરી છે. પ્રભુ સાથે સમાનતા દાખવી અનેક ઠપકાઓ પ્રભુ ઉપર મૂકી પ્રભુ સાથે સ્નેહભાવે શબ્દોચ્ચાર કરતા કવિઓએ પોતાની મનોભૂમિકા ખૂબ સુંદર રીતે રંગેલી છે. તેમજ પ્રભુનું સર્વોપરીપણું વર્ણવી પોતાની પામરતાનું સુંદર હૃદયસ્પર્શી વર્ણન કરેલું છે ત્યારે તો સાધકનું મન વિનયની ભાવનામાં તરબોળ થઇ જાય છે. પ્રભુભક્તિનું દુર્લભપણું બતાવી પોતાને મળેલ પ્રભુભક્તિનો યોગ મળવાથી પોતાની ધન્યતા વર્ણવી છે ત્યારે આત્માના અનંત ગુણોનો સમુચ્ચય વર્ણવી જાણે પોતે પ્રભુમય થઇ જવાનો ભાવ વર્ણવ્યો છે તેવા સ્તવનો ગાતા જેની મનોભૂમિકા ઉપર સાનુકૂલ આંદોલનો જાગતા નહીં હોય તેને એ અમૂલ્ય અમૃતનો રસાસ્વાદ હજુ ચાખ્યો જ નથી એમ કહેવામાં જરાએ હરકત નથી. એવા સારગર્ભિત ભાવવાહી ઉચ્ચકોટીના આત્મસાક્ષાત્કાર પમેલા સંતપુરુષોના સ્તવનોમાં ગાએલા ભાવો બોલતા જેના હૃદયમાં ગદ્‌ગદ્‌સ્વરે હર્ષ સ્ફુરતો નહીં હોય, જેને આત્માનુભવનું યત્કિંચિત્ પણ ભાન નહીં થતું હોય, પ્રભુની મહત્તાની છાપ જેની મનોભૂમિકા ઉપર પડતી નહીં હોય તેનું તો દુર્ભાગ્ય જ આપણે સમજવાનું છે. જે યોગી પુરુષોએ એવા સ્તવનો રચી પોતે આત્માનંદમાં તલ્લીન થયા એવા સંતોને આપણા કોટિશઃ પ્રણામ હો ! એમના જેવો ઉચ્ચ કોટીનો આનંદ તો આપણા ભાગ્યમાં કયાંથી હોય ? પણ એવા સંતપુરુષોના ઉચ્છિષ્ટમાંથી પણ આપણી હૃદયમંથી, ભેદાઇ આપણી મનોભૂમિકા ઉપર કાંઇક આત્માભિમુખ આંદોલનો પ્રગટે એટલી અભ્યર્થના રાખવાનો આપણને યોગ મળે એટલું ઇચ્છી વિરમીએ છીએ.

આત્મિક શાન્તિ તથા જીવનનું સાચું સાફલ્ય

પ્રાપ્ત કરવા માટે

અવશ્ય વાંચો. **જ્ઞાનસાર** મૂલ્ય રૂા. બે.

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શું એ હાર ટોડલો ગળી ગયો ?

સતી દમયંતીના સત્યની અગ્નિ પરીક્ષા

લેખકઃ—શ્રી મગનલાલ મોતીચંદ શાહ, સાહિત્યપ્રેમી–સુરેન્દ્રનગર.

(હપ્તો ૮ : : પૃ. ૭૦થી શરૂ)

રાજમાતાની આજ્ઞા મુજબનો આજનો દિવસ મહોત્સવમાં પસાર થયા પછી દમયંતીએ માસીબાને કહ્યું કે–હવે મારા પિતાને ત્યાં જલદી મોકલી આપો. ઇંદુમતી, સુનંદા વગેરે સૌએ બહેનને હવે જલદી વિદાય આપવાની વિનતિ કરી. રાજા સુબાહુએ તમામ પ્રકારની તૈયારી તેને માટે કરી રાખી છે, ગાડી ઘોડા રથ મેના પાલખી વસ્ત્ર ખોરાક અને બીજી તમામ પ્રકારની સગવડ કરવામાં આવી છે, મુસાફરી લાંબી હોવાથી દમયંતીને કોઇ જાતની તકલીફ ન પડે એ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે, દમયંતી પોતાના પિતાને ત્યાં જવાને ભારે ઉત્સુક છે, અને વિપ્ર સુદેવ પણ ઘણી જ ઉતાવળ કરે છે એટલે આવતી કાલે પ્રભાતમાં દમયંતીને મોકલવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેથી સૌને પ્રભાતમાં તૈયાર રહેવાની સૂચના આપવામાં આવી છે. નગરીમાં પણ સૌને ખબર પડી જવાથી, આજે આખું ગામ મહાસતીનાં દર્શનાર્થે આવી રહ્યું છે. રાજમાતા, ઇંદુમતી અને સુનંદા દમયંતીથી પળવાર પણ જૂદાં પડતાં નથી. આવતી કાલે જૂદા પડવાનાં એ વિચારે તેમને સૌને ઘેરી લીધા છે.

રાજમાતાનું હૃદય મૂળથી જ અત્યંત સંસ્કારી છે, તેમનો અનુભવ બહોળો છે, સુખ દુઃખના પડછાયા તેમણે જોયા છે, એટલે દમયંતીનો સત્સંગ તેમને અતિપ્રિય લાગતો. તે સત્સંગ આવતી કાલથી બંધ થશે, એ વિચારમાં રાજમાતાનું મન કાંઇક ઉદ્વેગ અનુભવે છે, ઇંદુમતી અને સુનંદા પણ અતિ ચિંતાતુર જણાય છે. રાજમાતાને જાણે કોઇ પૂર્વભવનો સંબંધ યાદ આવતો હોય એવા ભાવો પ્રગટી નીકળ્યા છે. દમયંતીની ચંચળતા, વાણીની મીઠાશ, સત્યથી ઓપા રહેલું શરીર, અસાધારણ ધૈર્ય તથા બુદ્ધિ આ બધું રાજમાતાને વારંવાર યાદ આવે છે. વિશેષ હૃદયસ્પર્શી બનાવો તો એ છે કે–કોઇ અસાધારણ યોગે તેનું અહીં આવી પહોંચવું, દાસી તરીકે રહેવું, ચોરીનું આળ ચડાવવું અને તેનું સતીત્વ પ્રગટ થવું–આ બધું કોઇ ઇશ્વરી મહાન્ ઘટનાનું કારણ છે, યાવજ્જીવન કોઈથી ભૂલાય તેમ નથી. આમ વિચારમાં ને વિચારમાં રાજમાતાએ આખી રાત્રિ પસાર કરી. પ્રભાત થતાં સર્વ સામગ્રી તૈયાર થઇને આવી ગઇ. વિપ્ર સુદેવ પણ તૈયાર થઇ ગયો હતો. રાજા સુબાહુ પણ પોતાની ભગિનીને વળાવવા માટે સજ્જ થઇ ગયેલ છે, વાજીંત્ર વાગી રહ્યા છે, પુરજન પણ સૌ છેલ્લા દર્શનાર્થે આવી રહ્યા છે. રાજમાતા, ઇંદુમતી, સુનંદા અને રાજદરબારની રાણીઓ તથા દમયંતી સૌ પોતપોતાની બેઠક લેવાની તૈયારી કરે છે, એવામાં મંત્રીશ્વર આવીને રાજમાતાને તથા રાજા સુબાહુને ખબર આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે આપણા **માલતી** નામના ઉદ્યાનમાં ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામી સપરિવાર પધાર્યા છે. આ સમાચાર સાંભળતાં જ સૌ ઘણા ખુશી થયા અને પ્રભુના દર્શનાર્થે જઇ તેમની અપૂર્વ વાણીનો લાભ લેવા સૌએ નિશ્ચય કર્યો. મંત્રીશ્વરને રાજાએ આ વધામણીમાં સારી પહેરામણી કરી.

રાજમાતા—બેટા, દમયંતી ! તારી શી ઇચ્છા છે ?

દમયંતી—માસીબા ! પ્રભુનાં દર્શન કરી તેમની વાણી સાંભળીને પછી હું વિદાય થવાની ઇચ્છા રાખું છું. મહદ્ પુણ્યે મળેલો આવો લાભ જતો કરી શકાય નહિ. અનાયાસે પ્રાપ્ત થયેલું સંતપુરુષોની વાણીનું આલંબન કેમ જતું કરી શકાય ?

રાજમાતા—બેટા ! તેં બહુ જ સારો વિચાર કર્યો. ઘણા કાળે પ્રભુ આ તરફ પધાર્યા છે. આજે આપણો દેશ અને રાજ્ય પવિત્ર થયાં છે, આપણાં સદ્‌ભાગ્ય છે કે પ્રભુનાં દર્શનનો આ યોગ આપણને અનાયાસે મળે છે.

ઇંદુમતી—માતાજી ! પ્રભુનાં દર્શન કરવાની અમને ઘણી હોંશ છે.

સુનંદા—માતાજી ! માતાજી ! જેનું આપણે હમેશાં ધ્યાન ધરીએ છીએ, તે પ્રભુ કેવા હશે ? મારી જિંદગીમાં તો પરમાત્માને જોવાનો આ પ્રથમ પ્રસંગ છે.

રાજમાતા—બેટા ! ભગવાન આ વખતે ઘણા લાંબા કાળે આ તરફ પધારે છે. તારા જન્મ પછી તેઓ આ તરફ પધાર્યા નથી, જેથી તેમનું પવિત્ર દર્શન તને ક્યાંથી થયું હોય ?

સુનંદા—માજી ! પ્રભુ આપણા દેશ તરફ આમ લાંબે કાળે કેમ આવતા હશે ?

રાજમાતા—બેટા ! આપણા દેશની આજુબાજુ કેટલોક અનાર્ય પ્રદેશ છે. એટલે જિનેશ્વરદેવ જ્યારે આપણી પાસેના આર્ય પ્રદેશ તરફ વિચરતા હોય ત્યારે આ તરફ આવી ચઢે છે, પરંતુ બીજી તરફ વિચરતા હોય ત્યારે અનાર્ય પ્રદેશમાં થઇને આ તરફ પધારવું બહુ મુશ્કેલ છે, એટલે આપણા દેશને તેમનો લાભ થોડો મળે છે.

સુનંદા—માતાજી ! અનાર્ય પ્રદેશમાંથી આપણા પ્રદેશમાં કેમ ન આવી શકાય ?

રાજમાતા—બેટા ! આવી શકાય ખરૂં પરંતુ અનાર્ય પ્રદેશમાંથી પસાર થતાં સાધુપુરુષોને ઘણું સંકટ વેઠવું પડે છે. અનાર્ય પ્રજા માંસાહારી હોવાથી આહાર-પાણીની મુશ્કેલી, નિર્દય મનુષ્યોનો ભય, ક્રૂર પ્રાણીઓનો ભય, નાસ્તિક નૃપતિઓ અને પ્રજાનો ભય, આવા બીજા ઘણા ઘણા ભયો આ પ્રદેશમાંથી પસાર થતાં સાધુપુરુષોને વેઠવા પડે.

સુનંદા—માજી ! પ્રભુને ભય કોનો હોય ? ભય રાખે તે પ્રભુ કેમ કહેવાય ?

રાજમાતા—બેટા ! પ્રભુને કોઇનો ભય હોતો નથી, તેઓ સદા અભય જ હોય છે, તેમનું શરીર-સંઠાણ એવું હોય છે કે તેમને કોઇ ઉપદ્રવ કરી શકતું નથી. ચરમશરીરી અને તે જ ભવે મોક્ષગામી હોવાથી સર્વ પ્રકારના ક્લેશો-ઉપદ્રવોને તેઓ તરી ગયા હોય છે, એટલે સર્વ સ્થાને સર્વકાળે જિનેશ્વરદેવ સદાય નિર્ભય જ હોય, પરંતુ તેમની સાથેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બધા સાધુ સાધ્વીઓ સંપૂર્ણ જ્ઞાન દર્શનને પામેલા નહીં હોવાથી એટલે કે છદ્મસ્થ અવસ્થાવાળા હોવાથી તેમનું ધાર્મિક સ્વાસ્થ્ય જળવાય એ હેતુથી તેમજ તેમને અનાર્ય દેશની સ્પર્શનાનો ઉદય નહિ હોવાથી પ્રભુ અનાર્ય દેશમાં વિહાર કરતા નથી. તીર્થંકર દેવ જે જે ક્ષેત્રની સ્પર્શનાનો ઉદય હોય તે ક્ષેત્રમાં પધારે છે, ભગવંત ઋષભદેવજીને આર્ય અનાર્ય બંને ક્ષેત્રની સ્પર્શનાનો ઉદય હતો તેથી તેઓ બંને પ્રદેશમાં વિચર્યા હતા. પરંતુ કોઈ તીર્થંકરદેવને અનાર્ય ક્ષેત્રની સ્પર્શનાનો ઉદય ન હોય તો તેમને ત્યાં જવાનું કારણ નથી. ભગવંત મુનિસુવ્રતસ્વામી અનાર્ય ક્ષેત્રમાં વિચરતા નથી જેથી જણાય છે કે–ભગવંતને અનાર્ય ક્ષેત્રની સ્પર્શનાનો ઉદય નહીં હોય. જે તીર્થંકરદેવને અનાર્યનાં ભયરૂપી કર્મ ભોગવવાનાં હોય તેમને અવશ્ય અનાર્ય ક્ષેત્રમાં જઈ તે કર્મ ભોગવી મુક્ત થવું પડે, પરંતુ જેણે એ કર્મ ખપાવી નાખ્યા છે તેમને ત્યાં જવાની જરૂર રહેતી નથી.

દમયંતી—માસીબા ! આપનું કહેવું યથાર્થ છે. પ્રભુને અનાર્યદેશમાં ભોગવવાનું કોઈ કર્મ બાકી નથી એટલે તે તરફ વિચરવાની સ્વભાવથી જ જરૂર રહેતી નથી. વીતરાગ દશાને પ્રાપ્ત થયેલા હોવાથી તે દેશ તરફનો રાગ દ્વેષ તેમને ન જ હોય.

ઈંદુમતી—માતાજી ! ધન્ય ભાગ્ય હોય તેને જ પ્રભુનાં દર્શન થાય.

સુનંદા—માજી ! આજે અમારું જીવન ધન્ય છે કે પ્રભુના દર્શનનો યોગ અમારી જિંદગીમાં આ પહેલી જ વખત થાય છે. કેટલો મહાન્ લાભ ?

રાજમાતા—બેટા ! પ્રભુનાં દર્શનનો લાભ વર્ણવી શકાય નહિ. એ દર્શનથી ઘણા જીવો સમકિતને પ્રાપ્ત કરી, પરિત્તસંસારી બની, કર્મનો ક્ષય કરી મોક્ષ મેળવે છે. આવો અપૂર્વ મહિમા પ્રભુના દર્શનનો તથા વાણીનો છે. તેથી જ કહ્યું છે કે—

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनं । दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनं ॥

દમયંતી—માસીબા ! મને જવાને જરા વિલંબ તો થશે, પરંતુ પ્રભુના દર્શન અને વાણીનો લાભ લઈને જ જાઉં તે જ ઇષ્ટ છે.

રાજમાતા—બેટા ! હવે કાંઇ વાર નથી. ચાલીએ તેટલી જ વાર છે. પ્રભુનાં દર્શન કરીને તમે સૌ સુખેથી સિધાવો.

વિપ્ર સુદેવજી તરફ જોઇને-મહારાજ ! તમે અમારા પ્રભુના દર્શન કરવા આવશો કે ?

સુદેવ—માતાજી ! ઘણી ખુશીથી હું પણ તમારી સાથે જ આવીશ. એ તમારા પ્રભુ છે એમ નથી, પણ જગત્ આખાના પ્રભુ છે. એ જ સાચા બ્રાહ્મણ એટલે બ્રહ્મને જાણવાવાળા અને સાચા આચાર્ય છે, એ જ સાચો અગ્નિહોત્રી અને યજ્ઞનો પાલક છે, આવા સત્પુરુષોનો મેં સમાગમ કર્યો છે, તેમની વાણી સાંભળી છે, તેમ જ તેમના જ્ઞાન અને કર્મયોગનો પણ મેં અભ્યાસ કર્યો છે. અમારા પૂર્વજો આવા સત્પુરુષોનો સમાગમ કરતા આવ્યા છે અને એ સમાગમને પરિણામે તેમના અનુયાયી પણ ઘણા બન્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારા પિતાશ્રી આવા સંતપુરુષોને બહુ ચાહતા હતા. જેમનું જીવન અત્યંત વિશુદ્ધ અને સમદૃષ્ટિથી ભરેલું હોય છે ત્યાં પક્ષપાત નથી, વેરઝેર નથી. આ દર્શનની કિંમત હોય જ નહિં.

રાજમાતા—વિપ્ર સુદેવજી ! તમે સદ્ભાવશાળી છો, સંસ્કારી સજ્જનોની વૃત્તિ ગુણ-ગ્રાહી જ હોય છે.

દમયંતી—માસીબા ! ગુણના પક્ષપાતી આત્માઓ હમેશાં પૂજાય છે. વિપ્ર સુદેવજી ઉપર મારા માતાપિતા ઘણો સદ્ભાવ રાખે છે.

સુદેવ—રાજમાતા ! અમે બ્રાહ્મણ છીએ પણ બ્રાહ્મણ ધર્મને સમજીએ છીએ, બ્રાહ્મણ ધર્મ એ આત્માનું અહિતકર્તા નથી પણ હિતકર્તા છે. જે બ્રાહ્મણ ધર્મને હિતકર્તા તરીકે જાણે છે તે બ્રાહ્મણ કર્મકાંડના નિર્દોષ–સાચા સ્વરૂપને જ અનુસરે છે. ધર્મ તો તે જ કહેવાય કે જે જન્મમરણથી છોડાવે અને સ્વર્ગાદિનાં સુખને અપાવે. શુદ્ધ ધર્મનાં મૂળ તત્ત્વોમાં ભેદ નથી.

દમયંતી—મહારાજ ! ખરી વાત. "**अद्रोहः सर्वभूतेषु, कर्मणा मनसा गिरा**" આ સનાતન સત્ય બધા ધર્મને લાગુ પડે છે, કોઇ પણ પંથ કે સંપ્રદાય ધર્મ હોવાનો દાવો કરતો હોય તો તેણે ઉપલા સનાતન સત્યને અનુસરવું જ જોઇએ.

રાજમાતા—મહારાજ ! વેદધર્મમાં, બ્રાહ્મણ ધર્મમાં કે બીજા કોઇપણ ધર્મમાં જેટલો અહિંસક ભાવ સચવાય તેટલો જ તે નિર્દોષ ગણાય. જિનેશ્વરો સર્વ કાળે અને સર્વ પ્રદેશે અહિંસક ભાવના જ પ્રતિબોધક હોય છે, પોતે સર્વાંગે સંપૂર્ણપણે આ ભાવને સ્પર્શ્યા પછી જ તેઓ તે ભાવને પ્રકાશે છે. આત્માના કોઇપણ પ્રદેશમાં રજમાત્ર પણ મિથ્યાભાવ, જડભાવ કે અજ્ઞાનભાવ હોય ત્યાં સુધી એક શબ્દ પણ બોધ તરીકે વાપરતા નથી.

સુદેવ—માતાજી ! આપનું કહેવું યથાર્થ છે. સર્વજ્ઞનો એ જ મહિમા છે. અલ્પજ્ઞ જીવ મન વચન કાયાના ત્રણે યોગને ત્રણે કાળ સરખા રાખી શકતા નથી. જેથી તેમની વાણીમાં કોઇ દોષ આવવાનો સંભવ રહે છે, પરંતુ સર્વજ્ઞની વાણી તો ન્યાય, પ્રમાણ, તર્ક અને અનુમાનથી સર્વથા સિદ્ધ થયેલી હોવાથી સર્વદા નિર્દોષ હોય છે. સાચા બ્રાહ્મણો આવી નિર્દોષ વાણીને સ્વીકારે છે, જેથી તે વાણીને બ્રાહ્મણી, સરસ્વતી, સંપૂર્ણા, માહેશ્વરી, ભારતી, ભગવતી, નિર્મળા, પ્રબોધિની, ગરવી, ગૌરી, ગંગા, બ્રાહ્મી, વૈષ્ણવી, અંબા વગેરે નામો આપવામાં આવ્યાં છે.

રાજમાતા—બ્રહ્મનિષ્ઠ સુદેવજી ! તમે શાસ્ત્રીય સારું જ્ઞાન ધરાવો છો. તેની સાથે તમારા વિચારો પણ પવિત્ર છે. વળી તમે અનુભવ પણ સારો મેળવ્યો છે. જે આજે તમારા સત્સંગથી પ્રત્યક્ષ થાય છે. તમને જવાની ઘણી ઉતાવળ છે છતાં તમે સંતવચન સાંભળવાની ઇચ્છા કરી જેથી અમને ઘણો જ હર્ષ થાય છે.

સુદેવ—માતાજી ! મહાપુરુષોના વચનની કિંમત કાંઇ અનોખી જ હોય છે. એ શ્રવણ તો કોઇ પુણ્યયોગે જ પ્રાપ્ત થાય છે. એ લાભ કેમ જવા દેવાય ? જ્ઞાનીઓ પોકારી પોકારીને કહે છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अक्षरद्वयमप्येतत्, श्रूयमाणं विधानतः ।
गीतं पापक्षयायोच्चैः, योगसिद्धैर्महात्मभिः ॥ १ ॥

ઉત્કૃષ્ટ પ્રકારના યોગસિદ્ધ મહાત્માઓના ફક્ત બે જ અક્ષરો સદ્ભાવથી વિધિપૂર્વક સાંભળવામાં આવે અને સાંભળ્યા પછી ધારણ કરવામાં આવે તો પાપનો ક્ષય કરે છે.

રાજમાતા—મહારાજ! ખરી વાત, એ વચનની કિંમત આંકી શકાય જ નહિ. કહેવાય છે કેઃ—

એક વચન એ સદ્ગુરુકેરો, જો બેસે દિલમાંય રે પ્રાણી,
નરકગતિમાં તે નહીં જાએ, એમ કહે જિનરાય રે પ્રાણી.
સદ્ગુરુ વંદન નિત્ય નિત્ય કરીએ.

સુદેવ—માતાજી! મને તો જતા જતામાં આ લાભ મળી જાય છે એટલે મારે મન તો "પેગડે પગ અને બ્રહ્મ ઉપદેશ" જેવું થાય છે.

રાજમાતા—વિવેકી વિપ્ર! તમે સદ્ગુણી ને પુણ્યશાળી છો.

સુદેવ—માતાજી! સાચો બ્રાહ્મણ સત્શાસ્ત્રનું શ્રવણ કરવામાં આનાકાની કે વિલંબ કરતો નથી. તેમજ તે રસામૃતનું પાન કરતાં જરાપણ ડરતો નથી; માટે જ કહ્યું છે કે "**आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन**" સુજ્ઞ જીવો બ્રહ્માનંદ પ્રાપ્ત કરવામાં કોઈ રીતે ડરતા નથી. કેમકે આ-વાણીરૂપ આનંદમાં નિગૂઢ તાત્પર્ય સમાયેલું છે.

દમયંતી—માસીબા! વિપ્ર સુદેવજી એક સંસ્કારી આત્મા છે, આજે તેમણે સાચો ધર્મ જાણ્યો છે.

સુદેવ—માતાજી! અમે બ્રાહ્મણ ધર્મના શુદ્ધ અનુષ્ઠાનો સેવીએ છીએ. સર્વ જીવોને નિર્દોષ ન્યાયની અદાલતનો આશ્રય લેવાનો હોય છે. સાચો બ્રાહ્મણ પવિત્ર જીવન ગાળી એ નિર્દોષ અદાલતમાંથી જ ન્યાય મેળવી શકે સર્વને સુખ પ્રિય છે, જેથી સુખ આપનારો જ સુખ મેળવી શકે, સર્વને જીવન પ્રિય છે, જેથી જીવનદાન આપનારો જ જીવનદાન મેળવી શકે. આવી નિર્મળભાવથી ભરેલી એ અદાલતમાં કોઈનો પક્ષપાત નથી, એ નિર્પક્ષી છે.

(ચાલુ)

આપે ન વાંચ્યું હોય તો અવશ્ય વાંચશો

શ્રી સીમંધર શોભાતરંગ

પ્રાચીન રાસનો સુંદર નમૂનો, ભાવવાહી કાવ્ય-
શૈલી અને કામગજેન્દ્રકુમારનું ચમત્કારિક ચરિત્ર

પાકું બાઈંડીંગ, ૩૨૦ પૃષ્ઠ, મૂલ્ય રૂા. બે

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યવહાર કૌશલ્ય

(૩૦૩)

પોતાના હરીફની હારને પોતાની જીત ગણ્યા વગર તેની યોગ્ય કિંમત આંકે ત્યારે હૃદયની સર્વથી વધારે કસોટી થાય છે.

માણસની પરીક્ષા કરવાના જુદા જુદા સમય છે. જ્યારે તમારા હરીફની શીકસ્ત થઈ હોય તેને તમારી જીત ગણી લો ત્યારે એ પરીક્ષામાં તમે નિષ્ફળ નીવડ્યા છો એમ ગણાય. તમારે અનેક પ્રકારના હરીફો હોય છે, કોઇ ધનની બાબતમાં તો કોઇ વખતની બાબતમાં, ઘોડાની રેસમાં કોઇ હરીફ હોય. ઘોડે બેસનાર તમારો હરીફ હોય અથવા જ્યાં ત્યાં ખરીદી કરેલો તમારો માણસ તમારો હરીફ થઇ બેઠેલો હોય, એ કદાચ હારી જાય. તેની હાર વખતે તમને તમારી જીત ન લાગવી જોઇએ, એટલે તમારો હરીફ પડ્યો તેમાં તમે જીતી ગયા છો, એમ ન સમજો, અને એને અનુસારે વર્તન કરો, તમારા હરીફ માટે વાતો કરો તો તે વખતે તમારા હૃદયની ખરેખરી પરીક્ષા થાય છે. તમારે તમારા હરીફ પ્રત્યે તો સારી હરીફાઇ બતાવવી ઘટે, તેને બદલે તેની વાતમાં તમે રસ લો, એટલે એ કોઈ બાબતમાં બીજા સાથે હારી ગયો હોય તે વાતને તમે મોટું રૂપક આપી, તેની વાત વધાર્યા કરો, તો તમે જાતે જ નીચ છો એમ લાગે. તમે તમારા હરીફની હાર કે જીત બીજા સાથે થઈ કે નહિ તે વાતની બેદરકારી રાખો તો તમે મોટા દીલના આદમી છો એમ લાગે અને તમે તે વાતને કાંઇ પણ રૂપક ન આપો તો તમે ઉદાર સ્વભાવના આદમી છો એમ જણાય. તમારી મહત્તા એ વાતને મોટી કરવામાં કે તમારી જીત તેના પર થઇ ગઇ છે એમ જણાવવામાં નથી. તમારે તો એ વાતને દાબી દેવી જોઇએ, કારણ કે બીજા માણસ સાથે હાર થઇ એમાં તમારી જીત નથી, પણ તમારે તો રમતીયાળ માણસનો આશય રાખવો ઘટે અને ખેલદીલી બતાવવી જોઇએ, એને બદલે તમે જાણે મોટો વિજય મેળવ્યો હોય એવી વાત કરો, તો તમારી એ ખેલદીલી સુઇ જાય છે અને તમે સામાન્ય જનતાના માણસ છો, અને તમારા હરીફને તોડી પાડવાની દરેક તકનો લાભ લો છો એમ લાગે. આ વાતમાં તમારા હૃદયનો પરીક્ષા અને તમે ખેલદીલ કેવા છો તે જણાઇ આવે છે. એ રમતમાં તમે ભાગ લીધો નથી, એટલે તમને એની સાથે કાંઇ લાગતું વળગતું નથી, છતાં તમે તેનું ક્રેડીટ(માન) લ્યો અથવા લેવા દીલ બતાવો એ તમારી હલકાઇ બતાવે છે. જો તમે ખરેખરા ખેલદીલીવાળા હો, તો તમે એ વાતને જરા પણ રૂપક ન આપો, અને એ વાત બની જ નથી એટલી ઉદારતા કે નિરપેક્ષતા રાખો, એને માટે તમારા હરીફને કોઇ બીજા માણસ સાથે લડતો અને પડતો જુઓ તેમાં રસ લો અને એ વાતને રૂપક આપો ત્યારે તમારી ખેલદિલી ક્યાં રહી? માટે સમજુ માણસે પોતાની પરીક્ષા થવા દેવી ન હોય તો હરીફની હારમાં રસ ન લેવો અને ખાસ કરીને તે બીજા સાથે લડતો હોય તો તેમાં રસ ન લેવો, તેની હારની વાત વધારવી નહિ અને ખેલદીલી દાખવવી તેમાં સરવાળે લાભ છે અને પરીક્ષામાં પસાર થવાપણું છે.

The hardest *trial* of the heart is whether it can bear rival's failure without triumph. *Ailein.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩૦૪)

દરેક વાતમાં માણસ પોતાની મહત્તા બતાવી પોતાના નસીબનો કરવૈયો થાય છે એમ આપણે કહેવું ન જોઇએ પણ દરેક માણસ પોતાના ચારિત્રનો ઘડનાર છે એમ કહેવાય.

આપણામાં એક કહેવત છે કે–દરેક માણસ પોતાના **નસીબનો ઘડનાર છે.** એ કહેવતનો આપણે એકથી વધારે વાર ઉપયોગ કરીએ છીએ અને તેને સત્ય માનીએ છીએ. લખપતિ થવું કે કરોડાધિપતિ થવું એ આપણા કબજાની વાત છે, પણ આપણે તે વાતને ઉચ્ચારવી ન જોઇએ, અથવા લખપતિ પોતાની કળાથી લખપતિ થયો છે એમ કહેવાય નહિ. ભરદરિયે વહાણ ચાલતું હોય અને પવન અનુકૂળ આવે તો વહાણ તરી જઇ કાંઠે આવે, તેનું માન વહાણના કપતાનને ન ઘટે, પવનને ઘટે, તે પ્રમાણે કોઇ માણસ લખપતિ થાય કે કરોડાધિપતિ થાય તેમાં ઉપરની ઉપમા બરાબર લાગે છે. તેમાં તે પોતાની મહત્તા માને એ ભૂલભરેલું છે. એમાં અદૃષ્ટકર્મે, દૈવે, ભવિતવ્યતાએ, કાળે કામ કર્યું છે અને બીજા સહકારી કારણો મળવાથી છપ્પનની ઉપર ભુંગળ વાગે તેવો થાય, આ સર્વ વાત બનવાજોગ છે પણ તેણે યાદ રાખવું ઘટે કે તેનો પોતાનો ફાળો તો પુરુષાર્થ પૂરતો જ છે, અવાંતર કારણો બીજાં ઘણાં છે અને તે સર્વ વિદ્યમાન છે. ઐશ્વર્યનો મદ તો રાજ્ય મળે તો પણ ન કરવો અને પોતાથી કાંઇ થયું છે એમ તો હરગીજ માનવું નહિ, અને મળેલ ધનનો સારો વ્યય કરવો, સમાજહિતનાં કે જ્ઞાતિહિતના કામમાં પૈસાનો ઉપયોગ કરવો અને પોતાના હૃદયમાં સમાજહિત વસ્યું છે તે બતાવી આપવું.

આપણે તો બધો આધાર વર્તન–ચારિત્ર પર રાખવાનો છે. આપણા કબજાની એ વાત છે, ઉદાર થવું કે અક્રોધી, અમાની, અમાયી, 'અલોભી થવું એ આપણા કબજાની વાત છે, એટલે આપણા **નસીબના કે ઐશ્વર્યના ઘડવૈયા** આપણે છીએ એમ કહેવું એના કરતાં આપણી **ચાલ–ચલગતના ઘડનાર** આપણે પોતે જ છીએ એમ કહેવું અથવા પુનરાવર્તન કરવું એ વાસ્તવિક વાત છે. એમ કહેવામાં કોઇ પણ પ્રકારનો બાધ નથી આવતો અને આપણે કેવા થવું તેનો સર્વ આધાર **આપણા ઉપર** છે એ વાતનો સ્વીકાર એમાં થઇ જાય છે એ અતિ મહત્ત્વની બાબત છે. આવી મહત્ત્વની બાબતમાં એકાંત નિર્ણય પર ન આવતાં વાસ્તવિક રીતે તો શાસ્ત્રાવગાહન કરવું અને જીવને સચ્ચિદાનંદ સાથે જોડવો અને આપણા ચારિત્ર માટે આપણે જોખમદાર છીએ, અથવા આપણે થવા ધારીએ તેવા થઇ શકીએ છીએ એમ સમજવું. આ બાબતમાં જરાપણ વાંધા જેવું જણાય તો જણાવવું, એમાં અભિમાન કે ઐશ્વર્યને સ્થાન ન આપતાં ચારિત્રને સ્થાન આપવું. **કુશળ** માણસ પોતાના નસીબનો કરવૈયો નથી તેથી ગભરાય નહિ, કારણ કે તે જાણે છે કે પોતાના ચારિત્રનો ઘડનાર પોતે જાતે છે, એમાં જરાપણ ગોટાળો ચાલે કે ચલાવી લેવા યોગ્ય હોય તેમ ગણાય નહિ. સમર્થ માણસો ચારિત્રને ઘડે છે અને સદા આનંદમાં રહે છે.

સ્વ૦ મૌક્તિક

Let me not say, every man is architect of his own future but let us say, every man is architect of his own character. *J. B. Boardman.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

(ગતાંક પૃષ્ઠ ૯૯ થી શરૂ)

(લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.)

આમ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પણ આવી વિકટ છે અને તેને પ્રાપ્ત કરવાની કારણપરંપરા પણ આવી મહાન્ અને દુર્ઘટ છે, તો પછી આ પ્રભુસેવાની ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ ભૂમિકાઓ તો કેવી વિકટ અને દુર્ગમ હોવી જોઈએ? એ અર્થાપત્તિ-ન્યાયથી પ્રાપ્ત થતું સામાન્ય નિગમન કરતાં મહામુનીશ્વર શ્રી આનંદઘનજી ઉપસંહાર કરે છે—

મુગધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત સેવક યાચના રે, આનંદઘન રસરૂપ;
સંભવ દેવ તે ધુરે સેવો સવે રે.

અર્થ:—જે મુગ્ધજનો છે તે આ ભગવાનનું સેવન સુગમ જાણીને આદરે છે, પણ તે સેવન તો અગમ અને અનુપમ છે. હે આનંદઘન રસરૂપ ભગવાન્! આ સેવક આપની તથારૂપ આનંદઘન-રસરૂપ સેવાની યાચના કરે છે, તે કદાચિત્ આપ દેજો!

વિવેચન—

"શિવગતિ જિનવર દેવ, સેવ આ દોહલી હો લાલ;
પરપરિણતિ પરિત્યાગ, કરે તસુ સોહલી હો લાલ."
—તત્ત્વરંગી મહામુનિ દેવચંદ્રજી.

પશ્ચાદ્‌ભૂમિકાનું દિગ્દર્શન.

ઉપરમાં વિવરીને બતાવ્યું તેમ અભય-અદ્વેષ-અખેદ એ પ્રભુસેવાની પ્રાથમિક ભૂમિકા છે. આ પ્રાથમિક ભૂમિકારૂપ ગુણ યોગની પ્રથમ દૃષ્ટિ-મિત્રા દૃષ્ટિ ખૂલ્યે જીવના અંગમાં આવે છે. અને સર્વ જગત્ પ્રત્યે જ્યાં નિર્મત્સર અદ્વેષભાવયુક્ત મૈત્રીભાવ વર્ત્તે છે, એવી આ યથાર્થનામા 'મિત્રા' નામક યોગદૃષ્ટિની પ્રાપ્તિ પણ ચરમાવર્ત્તમાં ચરમ કરણને યોગે હોય છે, જેની પ્રાપ્તિ વળી અંતર્ગત ભાવમલની અલ્પતાથી તથાભવ્યત્વનો પરિપાક થયે જીવની આધ્યાત્મિક યોગ્યતાને આધીન છે. જીવની આ આધ્યાત્મિક યોગ્યતા પ્રગટાવવા અને વિકસાવવા માટે સાચા સાધુગુણસંપન્ન (માત્ર વેષધારી નહિં) એવા મોક્ષમાર્ગસાધક મહામુમુક્ષુ સાધુપુરુષોનો સત્સંગ, તેમજ અધ્યાત્મ ગ્રંથના શ્રવણ-મનનાદિ સત્-નિમિત્ત કારણના અવલંબને આત્માના સત્પુરુષાર્થની સ્ફુરણાવડે ઉપાદાન-કારણની જાગૃતિ, એ આદિ કારણ પરંપરાનું સેવન અનિવાર્ય આવશ્યક છે આ સમસ્તનું ઉપરમાં સવિસ્તર વિવેચિત થઈ ચૂક્યું છે, એટલે તેનું પિષ્ટપેષણ નહિં કરતાં માત્ર સંક્ષેપમાં વિવેકી વાંચકની સ્મૃતિને સતેજ કરી, આ સર્વ પ્રતિપાદનનો ફલિતાર્થ અત્ર વિચારશું. અને તેમાં પ્રથમ આનંદઘનજીના આ ઉદ્‌ગારની પશ્ચાદ્‌ભૂમિકાનું (Back-ground) કિંચિત્ દિગ્દર્શન કરશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકોત્તર દેવ લોકોત્તર માર્ગ

જિનદેવ એ લોકોત્તર દેવ છે અને આ જિનદેવને ભજવાનો ભક્તિમાર્ગ પણ લોકોત્તર માર્ગ છે. એટલે આ જિનદેવનું અને એના ભક્તિમાર્ગનું યથાર્થ દર્શન પણ લોકોત્તર દૃષ્ટિથી જ થઇ શકે; કારણ કે દૃષ્ટિ વિના જેમ બહિરંગ માર્ગનું દર્શન થઇ શકે નહિં, તેમ આધ્યાત્મિક દૃષ્ટિ વિના અંતરંગ ભાવમાર્ગનું દર્શન થાય નહિં. અને જિનમાર્ગ તો મુખ્યપણે અધ્યાત્મપ્રધાન ભાવમાર્ગ છે, એટલે તેનું નિરૂપણ કરવાને અલૌકિક એવી આધ્યાત્મિક યોગદૃષ્ટિ જ જોઇએ, બાહ્ય લૌકિક દૃષ્ટિ-ઓઘદૃષ્ટિ તેમાં કામ આવે નહિં. અર્થાત્ આ દિવ્ય જિનમાર્ગનું દર્શન યોગદૃષ્ટિરૂપ દિવ્ય નયનથી જ થઇ શકે, ગાડરીઆ પ્રવાહ જેવી બહિરંગ ઓઘદૃષ્ટિથી ન જ થઇ શકે.

ઓઘદૃષ્ટિ અને યોગદૃષ્ટિ

અત્રે આ ઓઘદૃષ્ટિ અને યોગદૃષ્ટિનો સ્પષ્ટ તફાવત સમજી લેવાની ખાસ જરૂર છે. ઓઘદૃષ્ટિ એટલે સામાન્ય, પ્રાકૃત, ગતાનુગતિક ભવાભિનંદી જનની દૃષ્ટિ. યોગદૃષ્ટિ એટલે તત્ત્વમાર્ગને અનુસરનારા સમ્યગ્‌દૃષ્ટિ મુમુક્ષુ યોગી પુરુષની દૃષ્ટિ. ઓઘદૃષ્ટિ લૌકિક, લોક વ્યાવહારિક, પ્રવાહપતિત, ગાડરીઆ પ્રવાહ જેવી છે; યોગદૃષ્ટિ અલૌકિક, પારમાર્થિક, યોગમાર્ગાનુસારિણી, તત્ત્વગ્રાહિણી છે. ઓઘદૃષ્ટિમાં અંધશ્રદ્ધા છે, યોગદૃષ્ટિમાં સત્ય શ્રદ્ધા છે. '**सत्श्रद्धासंगतो बोधो दृष्टिरित्यभिधीयते ।**' ઓઘદૃષ્ટિવાળા અંધશ્રદ્ધાળુજનો દર્શનભેદ બાબત પરસ્પર વાદ વદે છે, ધર્મને નામે મિથ્યા ઝગડા કરે છે, કદાગ્રહ-ગચ્છ-વાડા-સંપ્રદાય આદિમાં રાચે છે; યોગદૃષ્ટિવાળા જનો પરસ્પર દર્શનભેદ બાબત વિવાદ કરતા નથી, પરંતુ સર્વ દર્શનને એક શુદ્ધ આત્મદર્શનના અથવા જિનદર્શનના અંગભૂત માની તેને આત્મબંધુત્વપણે માને છે. આમ યોગદૃષ્ટિ અને ઓઘદૃષ્ટિનો સ્પષ્ટ તફાવત છે.

દિવ્ય દૃષ્ટા યોગીશ્વરો

એટલા માટે લોકોની આ ગતાનુગતિક ગાડરીઆ પ્રવાહ જેવી અંધકારરૂપ લૌકિક ઓઘદૃષ્ટિ દૂર કરાવી, તેમને દિવ્ય જિનમાર્ગના યથાર્થ દર્શનાર્થે સત્‌શ્રદ્ધારૂપે આધ્યાત્મિક યોગદૃષ્ટિ અર્પવા માટે જ શ્રી હરિભદ્રજી, શ્રી આનંદઘનજી, યશોવિજયજી આદિ જાગતી જ્યોત જેવા દિવ્ય દૃષ્ટા જોગીરાજોએ નિષ્કારણ કરુણાથી અંધશ્રદ્ધાની આંધી ટાળનારી યોગદૃષ્ટિનો દિવ્ય પ્રકાશ રેલાવ્યો છે; અને મતદર્શનના આગ્રહરૂપ કૂપમંડૂક દશા છોડાવવા સર્વ દર્શનસમન્વયકારિણી સાગરવરગંભીરા વિશાલ અનેકાન્ત તત્ત્વદૃષ્ટિ સમર્પવાનો ભગીરથ પ્રયત્ન કરી જનસમાજ પર અનન્ય ઉપકાર કર્યો છે. કારણ કે તેવી દૃષ્ટિના અભાવે અલૌકિક આધ્યાત્મિક જિનમાર્ગને પણ ગતાનુગતિક લોકો લૌકિક દૃષ્ટિએ-ઓઘદૃષ્ટિએ અવલોકે છે! મહાત્મા આનંદઘનજી પોકારી ગયા છે કે—

> **"ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;**
> **જિણે નયણે કરી મારગ જોઇએ રે, નયન તે દિવ્ય વિચાર."**

શ્રી યશોવિજયજી જેવા પણ પોકારી ગયા છે કે—"ધામધૂમે ધમાધમ ચલી, મોક્ષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માર્ગ રહ્યો દૂર રે." પણ જિનનો રત્નત્રયીરૂપ મૂળ માર્ગ તો અધ્યાત્મપ્રધાન છે ને તે આધ્યાત્મિક એવી યોગદૃષ્ટિથી જ દેખી શકાય, તે માર્ગ દેખવા માટે યોગદૃષ્ટિરૂપ દિવ્ય નયન જ જોઇએ. "જિણે નયણે કરી મારગ જોઇએ રે, નયણ તે દિવ્ય વિચાર."

દૃષ્ટિ તેવી સૃષ્ટિ દર્શન તેવું સર્જન

આ માર્ગના સમ્યગ્દર્શનને અર્થે સમ્યગ્દૃષ્ટિની બહુ બહુ જરૂર છે, કારણ કે દૃષ્ટિ તેવી સૃષ્ટિ ને દર્શન તેવું સર્જન. દૃષ્ટિ સમ્યગ્ હોય તો દર્શન સમ્યગ્ હોય ને સર્જન પણ સમ્યગ્ હોય, દૃષ્ટિ મિથ્યા હોય, તો દર્શન મિથ્યા હોય ને સર્જન પણ મિથ્યા હોય. ભગવાન્ મહાવીરદેવે શ્રીગૌતમસ્વામીને સમ્યગ્ નેત્ર આપ્યા તો વેદના અર્થ પણ સમ્યક્‌પણે સમજાયા. દૃષ્ટિ સમ્યક્ હોય તો મિથ્યાદૃષ્ટિના શાસ્ત્ર પણ સમ્યક્‌પણે પરિણમે ને દૃષ્ટિ મિથ્યા હોય તો સમ્યગ્દૃષ્ટિના શાસ્ત્ર પણ મિથ્યાપણે પરિણમે; માટે સમ્યગ્દૃષ્ટિની–યોગદૃષ્ટિની ઉપયોગિતા જીવનમાં ઘણી ઘણી છે.

આત્મનિરીક્ષણ Introspection

કારણ કે આ આત્મદશામાપક થર્મોમીટર જેવી યોગદૃષ્ટિનો સ્વાધ્યાય જે કરશે, તે વિચારશે કે હું પોતે કઈ દૃષ્ટિમાં વર્તું છું ? મારામાં તે તે દૃષ્ટિનાં કહ્યાં છે તે યથોક્ત ગુણલક્ષણ છે કે કેમ ? ન હોય તો તે પ્રાપ્ત કરવા મારે કેમ પ્રવર્તવું ? ઇત્યાદિ પ્રકારે અંતર્મુખનિરીક્ષણ (Introspection) કરતાં સુજ્ઞ વિચક્ષણને તત્ક્ષણ પોતાની આત્મદશા કેવી છે ને પોતે ક્યાં ઊભો છે તેનું ભાન થશે; તેમજ વિશેષ* અવલોકન કરતાં જણાશે કે અભય, અદ્વેષ, અખેદ એ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકારૂપ ગુણ યોગની પ્રથમ દૃષ્ટિ–મિત્રા દૃષ્ટિના અંગભૂત છે; અને શાસ્ત્રમાં જે 'મિથ્યાદૃષ્ટિ' નામનું પ્રથમ 'ગુણસ્થાન' કહ્યું છે, તે અહીં મિત્રા દૃષ્ટિમાં મુખ્યપણે ઘટે છે; અર્થાત્ આ મિત્રા દૃષ્ટિની દશામાં સાચેસાચું પ્રથમ 'ગુણસ્થાન'–ગુણના સ્થાનરૂપ ગુણસ્થાન તે શબ્દના ખરેખરા અર્થમાં નિરુપચરિતપણે ઘટે છે. આવા તથારૂપ ગુણોની પ્રાપ્તિનું મંડાણ–પ્રારંભ પ્રથમ દૃષ્ટિમાં થાય છે, યોગમાર્ગમાં પ્રવેશનું શુભ મુહૂર્ત આ પ્રથમ દૃષ્ટિ છે, સન્માર્ગ પ્રાપ્તિની યોગ્યતાનું આ મંગલાચરણ છે, મોક્ષની નીસરણીનું આ પહેલું પગથિયું છે, મહાન્ યોગ–પ્રાસાદની આ પ્રથમ ભૂમિકા છે. અત્રે મિત્રાદૃષ્ટિમાં જો કે હજુ મિથ્યાત્વ ટળ્યું નથી ને સમ્યક્ત્વ મળ્યું નથી, છતાં પણ કેવા અદ્‌ભુત ઉત્તમ ગુણો અત્રે પ્રગટે છે, આ ગુણો ઉપર પુખ્ત વિચાર કરી, પોતાના આત્મામાં તેવા તેવા ગુણો પ્રગટ્યા છે કે નહિં, તેનું જો આત્મનિરીક્ષણ કરવામાં આવે તો પોતાનામાં તેવા ગુણ નહિં પ્રગટ્યા છતાં, પોતાનું સમકિતીપણું કે છઠ્ઠા ગુણઠાણાપણું માની બેસનારા લોકોના કેટલાક ભૂલભરેલા મિથ્યા ભ્રાંત ખ્યાલો દૂર થવાનો સંભવ છે. સમ્યગ્દૃષ્ટિની મંજલ તો હજી ઘણી લાંબી છે, પણ પ્રવાસની શરૂઆત પણ હજુ થઈ છે કે નહિં, 'પારોરામાં પણ પહેલી પૂણી' કંતાઇ છે કે નહિં, પહેલા

* આ અંગે વિશેષ જિજ્ઞાસુએ આ લેખકે સવિસ્તર વિવેચન કરેલ શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય સવિવેચન ગ્રંથનું અવલોકન કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુણઠાણાનું પણ ઠેકાણું છે કે નહિં, તે આ મિત્રા દૃષ્ટિ અને તેના અંગભૂત આ અભય-અદ્વેષ-અખેદ આદિ ગુણ પરથી ગૃહસ્થ કે સાધુ કોઇ પણ આત્માર્થીએ આત્મસાક્ષીએ નિરભિમાનપણે વિચારવાનું છે. જેમકે-કોઈની પણ સુકૃતિ દેખી જેને ગુણપ્રમોદ ઉપજવાને બદલે ગુણદ્વેષ-મત્સર ઉપજતો હોય છે, તે ભલે ગૃહસ્થ હોય કે સાધુવેષધારી હોય, તો પણ તે આ પરથી ' આત્મનિરીક્ષણ કરતાં શીઘ્ર સમજી શકે છે કે હું તો મિત્રા દૃષ્ટિનું અદ્વેષ લક્ષણ પણ પામ્યો નથી, એટલે યોગની આ પ્રથમ ભૂમિકામાં પણ મારો પ્રવેશ નથી, માટે મારું મિથ્યાભિમાન ખોટું છે. આમ જે સરલ આત્માર્થી વિચારે છે તે સ્વદોષ દૂર કરી ગુણને પામે છે. આથી ઉલટું,-યોગ ગ્રંથના ભાવનું જેને ભાન નથી ને જાણે તો જે પ્રકાશતા નથી, અને તથારૂપ ગુણપ્રાપ્તિ વિના જે પોતાની ફોકટ મોટાઇનો ફાંકો મનમાં રાખે છે, તેવાઓ અંગે શ્રી યશોવિજયજીના વેધક વચનો છે કે—

" નિજ ગણ સંચે મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા, તે ન રહે વ્રત પંચે.
યોગ ગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે;
ફોકટ મોટાઇ મન રાખે, તસ ગુણ દૂરે નાશે.
પરપરિણતિ પોતાની જાણે, વરતે આરતધ્યાને;
બંધ મોક્ષ કારણ ન પીછાને, તે પહેલે ગુણઠાણે. "

—સાડા ત્રણસો ગાથાનું સ્તવન.

અપુનર્બંધકથી માંડી માર્ગનો અધિકારી.

તેમજ અત્રે એ પણ સમજવા યોગ્ય છે કે આ અભય-અદ્વેષ-અખેદરૂપ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા જેને પ્રાપ્ત થાય છે, તે ચરમાવર્ત્તમાં વર્ત્તતો જીવ અવશ્ય અપુનર્બંધક જ હોય. અને આ અપુનર્બંધકને જ લલિતવિસ્તરા, યોગબિન્દુ, પંચાશકાદિ શાસ્ત્રોમાં સર્વત્ર શ્રી હરિભદ્રસૂરિએ ડિંડિમનાદથી ઉદ્ઘોષીને જિનમાર્ગનો પ્રાથમિક અધિકારી કહ્યો છે, તે વસ્તુ પણ આ ઉપરોક્ત સર્વ વિધાનને પુષ્ટ કરે છે. શ્રી લલિતવિસ્તરામાં શ્રી હરિભદ્રસૂરિજીની હરિગર્જના છે કે—

" व्यवस्थितश्चायं महापुरुषाणां क्षीणप्रायकर्मणां विशुद्धाशयानां भवाबहुमानिनां अपुनर्बन्धकादीनामिति । अन्येषां पुनरिहानधिकार एव, शुद्धदेशनाऽनर्हत्वात् । शुद्धदेशना हि क्षुद्रसत्त्वमृगयूथसंत्रासनसिंहनादः । "

(અર્થાત) અને આ-શ્રેયોમાર્ગ મહાપુરુષ, ક્ષીણપ્રાય કર્મવાળા, વિશુદ્ધ આશયી, ભવઅબહુમાની એવા અપુનર્બંન્ધકાદિનો વ્યવસ્થિત છે; અન્યોનો પુનઃ અહીં અનધિકાર જ છે, શુદ્ધ દેશનાના અનર્હપણાને (અયોગ્યપણાને) લીધે. શુદ્ધ દેશના ખરેખર! ક્ષુદ્ર સત્ત્વવાળા મૃગયૂથને સંત્રાસન સિંહનાદ છે.

તે જ મહર્ષિ પંચાશકમાં પ્રકાશે છે કે—

" एते अहिगारिणो इह ण उ सेसा दव्वओ वि जं एसा ।
इयरीए जोग्गयाए सेसाण उ अप्पहाण त्ति ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ण य अपुणबंधगाओ परेण इह जोग्गया वि जुत्त त्ति।
ण य ण परेण वि एसा जमभव्वाणं वि णिद्दिट्ठा ॥ "

(અર્થાત્) આ–અપુનર્બંધકાદિ અહીં અધિકારીઓ છે, પણ શેષ તો દ્રવ્યથી પણ અધિકારી નથી; કારણકે આ દ્રવ્ય વંદના ઇતરની–ભાવ વંદનાની યોગ્યતા સતે હોય છે, અને તે દ્રવ્ય વંદના શેષને અર્થાત્ અપુનર્બંધક સિવાયનાને અપ્રધાન હોય છે. અને અપુનર્બંધકથી પરને અર્થાત્ સકૃદ્બંધકાદિને અહીં યોગ્યતા પણ યુક્ત નથી, અને એથી પરને–સકૃદ્બંધકાદિને પણ આ અપ્રધાન દ્રવ્યવંદના નથી એમ નથી અર્થાત્ હોય છે જ, કારણ કે તે અભવ્યોને પણ કહી છે. તાત્પર્ય કે–સાચા મુમુક્ષુ આત્માર્થી એવા અપુનર્બંધકથી માંડીને જ જિનમાર્ગનું અધિકારીપણું કહ્યું છે—

" અપુનર્બંધકથી માંડીને, જાવ ચરમ ગુણઠાણ;
ભાવ અપેક્ષાએ જિન આણા, મારગ ભાખે જાણ. "

—શ્રી યશોવિજયજી કૃત સાડા ત્ર. ગા. સ્ત.

મુગધ સુગમ કરીસેવન આદરે '

આટલી પ્રાસંગિક પશ્ચાદ્ભૂમિકા પરથી ' મુગધ સુગમ કરી આદરે ' ઇત્યાદિ આ ગાથાના વક્તવ્યનું યથાર્થપણું સમજવું સુગમ થઇ પડશે. જેણે દિવ્ય યોગદૃષ્ટિથી જિનમાર્ગનું સમ્યગ્દર્શન કર્યું છે, એવા આર્ષ દ્રષ્ટા મહર્ષિ આનંદઘનજીએ લોકોમાં દિવ્ય નયનરૂપ યોગદૃષ્ટિનો પ્રાયઃ અભાવ દેખી, ' પંથડો નિહાળું રે બીજા જિનતણો રે ' એ બીજા સ્તવનમાં તીવ્ર આત્મસંવેદનમય ખેદનો ચીત્કાર વ્યક્ત કર્યો હતો કે ' ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર, ' ' પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય. ' ઇત્યાદિ.

લોકોની અંધશ્રદ્ધાપ્રધાન દશા નિહાળી સાચી શાસનદાઝથી ખિન્ન થયેલા તેઓનો અત્રે પણ ચીત્કાર નીકળી પડયો છે કે ' મુગધ સુગમ કરી સેવન આદરે. ' અર્થાત્ અલૌકિક જિનમાર્ગનું જેને ભાન નથી ને તે દિવ્યમાર્ગને યથાર્થપણે દેખવાની અલૌકિક સમ્યગ્ યોગદૃષ્ટિ જેને લાધી નથી, તે મુગ્ધ જનો, મૂઢ અજ્ઞાની બાલ ભોળા જીવો ભગવાનનું સેવન જાણે સુગમ હોય એમ જાણી આદરે છે. પણ ઉપરમાં વિવરી બતાવ્યું છે તેમ અભય–અદ્વેષ–અખેદરૂપ આધ્યાત્મિક ગુણ યોગ્યતાની પ્રાપ્તિ એ જ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા છે; અને તે પણ જો આવી વિકટ ને દુર્ગમ છે, તો પછી આગળ આગળની ભૂમિકાઓ તો અતિ અતિ દુર્ગમ હોય એમાં પૂછવું જ શું ? (અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના આપણા તીર્થો અને મંદિરોના લગતા મનનીય વિચારો.

રા. રા. શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ દુષ્કાળ રાહતના કામ માટે તા. ૩ અને ૪ મે ના રોજ કુંડલે આવ્યા હતા. કુંડલાના મહાજને તેઓશ્રીનું ભાવભીનું સન્માન કર્યું હતું. તા. ૪ ના સવારે વેલાસર તેઓશ્રી કુંડલાના જૈન સંઘના આમંત્રણને માન આપી સંઘના મકાને પધાર્યા હતા. સાથે રાહત કમીટીના સભ્યો તથા માનનીય પ્રધાન શ્રી જાદવજીભાઇ મોદી હતા. શ્રી સંઘ તરફથી શેઠશ્રીએ જૈન સંઘની જે ઉત્તમ સેવા કરી છે, સંઘના ઘણા કામોમાં માર્ગદર્શન કરાવ્યું છે, અને તીર્થોના અનેક જૂના ઝઘડાઓ કુશળતાથી પતાવ્યા છે તે માટે અભિનંદન આપવામાં આવ્યું હતું. હું પણ હાલમાં હવાફેરે કુંડલે રહેતો હોવાથી તે મેળાવડામાં હાજર હતો. શેઠશ્રીએ આપણા સંઘોને ઉદ્દેશી કેટલાક હિતવચનો કહ્યા હતા, તે જૈન સમાજે હૈયે રાખવા જેવા હોવાથી તેનો સંક્ષિપ્ત સારાંશ અહીં આપવામાં આવે છે.

શેઠશ્રીએ કહ્યું હતું કે-હિંદુસ્તાનના અનેક ધર્માનુયાયીઓના મંદિરો મેં જોયા છે, પણ જે સ્વચ્છતા, વિશાલતા અને સ્થાપત્ય-કલારસિકતા જૈન મંદિરોમાં જોવામાં આવે છે તે બીજા મંદિરોમાં ભાગ્યે જ જોવામાં આવે છે. આપણા વડીલોએ મુસલમાન રાજ્ય જેવા વિષમકાળમાં પણ વ્યવહારકુશળતાથી આપણા તીર્થો અને મંદિરોને સાચવ્યા છે, અને આપણને અપૂર્વ વારસો આપ્યો છે, જે સાચવી રાખવાનું અને તેમાં વૃદ્ધિ કરવાનું આપણું કર્તવ્ય છે.

શેઠશ્રીએ આગળ ચાલતાં કહ્યું હતું કે—મને કહેતા દુઃખ થાય છે કે હાલમાં આપણા ભાઇઓમાં એક એવી ઘેલછા થયેલ જોવામાં આવે છે કે મંદિરોના સમારકામ વિગેરેમાં થોડા ઘણા પૈસા ખર્ચે ત્યારે પણ પોતાના નામ અમર કરાવવા તખતીઓ ચોડાવવાની ઉગ્ર ભાવના રહે છે, જેને આપણા સંઘના અગ્રેસરો પણ ઉત્તેજન આપે છે. જે પૂણ્યશાલી જીવોએ હજારો લાખો રૂપિયા ખર્ચી મંદિરો બંધાવ્યા છે, ઉદ્ધાર કરાવ્યો છે તેઓએ પોતાના નામ અમર કરવા આવી તખ્તીઓ ચોડાવ્યાનું જોવામાં આવતું નથી. આવી તખ્તીઓ ચોડવાની, ચોડાવવાની અજ્ઞાન પ્રથા બંધ કરવી જોઇએ. પૂણ્ય કરવાના આશયથી કરેલ કામ સ્વલ્પ કિંમતે વેચી નાંખવાનું ન જોઇએ.

બીજી હકીકત શેઠશ્રીએ એ કરી હતી કે-આપણે ત્યાં પટો ચીતરાવી કાર્તિકી પુનમ જેવા દિવસે દીવાલે દર્શન માટે મૂકવાનો જૂનો રિવાજ છે. શ્રી શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, પાવાપૂરી આદિ ભવ્ય તીર્થોના પટો ચીતરવામાં આવે છે. હાલ એક એવી પ્રથા કેટલેક સ્થળે જોવામાં આવે છે કે મંદિરોની દીવાલો ઉપર પટો ચીતરાવવામાં આવે છે, આ પટોમાં કાંઇ કળા કે તીર્થોની કાંઇ સામ્યતા હોતી નથી. અણઘડ માણસોએ પટો ચીતર્યા જોવામાં આવે છે. જે જોતાં આપણા ભવ્ય તીર્થોને માટે માન થવાને બદલે ઘૃણા થાય છે. મંદિરોની દીવાલો ઉપર આવા પટો ચીતરાવવાની પ્રથા એકદમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંધ કરવી જોઈએ, અને નવાં મંદિરોની દીવાલો ઉપર આવા પટો ચીતરાયા હોય તે કાઢી નાંખવા જોઈએ.

શેઠશ્રીએ ત્રીજી હકીકત એ કહી હતી કે–આપણા નવા મંદિરો સ્થાપત્ય કળાના ભવ્ય નમૂનાઓ છે. તેમાં શિલ્પકામ અને ચિત્રામણ કામ પણ ખરેખર કળાકાર કારીગરોના હાથે થયેલું છે. હાલમાં આવા નવા મંદિરોમાં સમારકામ કરાવતા જૂના સ્થાપત્ય કળા અને શિલ્પ અને ચિત્રામણને લક્ષ્યમાં લેવાતું નથી. ઘણેખરે ઠેકાણે તો તેવા કામનો નાશ કરી હાલના રંગો અને તખતીઓથી શોભાવવા પ્રયત્ન થાય છે. આવા સમારકામમાં આપણું તથા કળા પ્રત્યેનું અજ્ઞાન પ્રદર્શિત થાય છે, માટે સમારકામ કરતા આપણા મંદિરોની જૂની કળાનો પણ ધ્વંસ ન થાય તે ધ્યાનમાં રાખવું જોઈએ. તેઓશ્રીએ કહ્યું હતું કે–જૂના મંદિરોમાં સમારકામ કેવું થવું જોઈએ તે સંબંધમાં આબૂજી ઉપરના અને રાણકપુરના મંદિરોમાં જે સમારકામ થયેલ છે તેના દર્શન કરવા જોઈએ.

તેઓશ્રીએ એક બીજી હકીકત એ જણાવી હતી કે–આપણા મંદિરોમાં હાલમાં સીમેંટની લાદીઓ રંગબેરંગી ચોડવાનો સવાલ આવ્યો છે. મંદિરોમાં ભોંયતળીયે પણ રંગબેરંગી આરસો નાંખવામાં આવે છે. પરિણામ એ આવે છે કે–મંદિરોમાં પ્રવેશ કરતાં પ્રભુ-ભક્તિની અપૂર્વ ભાવના થવી જોઈએ, ચિત્તની એકાગ્રતા થવી જોઈએ, પ્રભુના ગુણો સાંભરવા જોઈએ, તેને સ્થાને મંદિરોમાં દાખલ થતા મનમાં એકાગ્રતા થવાને બદલે ક્ષોભ થાય છે, અને જે ઉદ્દેશથી મંદિરોમાં દર્શન કરવા જવાનું હોય છે તે ઉદ્દેશ પાર પડતો નથી.

છેવટે શેઠશ્રીએ કુંડલાના સંઘે તેમને બોલાવી જે સત્કાર કર્યો તે માટે ખુશી વ્યક્ત કરી હતી. અલ્પાહાર લઈ મેળાવડો વિખરાયો હતો.

જીવરાજ ઓધવજી.

તાજેતરમાં જ બહાર પડયું છે

પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા

કર્તા. ડૉ ભગવાનદાસ મનસુખભાઈ મહેતા M. B. B. S.

મુમુક્ષુઓને માટે આ પુસ્તક સારું માર્ગદર્શક છે. એક સો શિક્ષાપાઠો આપી તેમાં વિવિધ વિષયો તેમ જ ગુણોનું સુંદર આલેખન કર્યું છે. છેલ્લે હિતાર્થી પ્રશ્નોત્તરો આપી સામાન્ય વાચક પણ સમજી શકે તેવી શૈલીએ નિરૂપણ કરવામાં આવ્યું છે. વાંચવા યોગ્ય છે. ક્રાઉન સોળ પેજી ૪૦૦ પૃષ્ઠ, પાકું હોલ કલૉથ બાઈંડીંગ, મૂલ્ય રૂપિયા અઢી, પોસ્ટેજ જુદું.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

અવશ્ય વાંચવા લાયક સમજીને જીવનમાં ઉતારવા લાયક

સાદી ને સરલ ભાષામાં લખાયેલા

પાંચ ટેકટો

૧ ધર્મામૃત (સુધર્મ) ૦-૧૦-૦ ૩ જ્ઞાનોપાસના (જ્ઞાન) ૦-૧૦-૦
૨ શ્રદ્ધા અને શક્તિ (દર્શન)૦-૧૦-૦ ૪ ચારિત્રવિચાર (ચારિત્ર) ૦-૧૦-૦
૫ દેતાં શિખો (દાન) ૦-૧૦-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

શ્રી આનંદઘનજી—ચોવીશી

[અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી મુમુક્ષુજનોને અત્યંત ઉપયોગી છે. પાકું કપડાનું બાઈંડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ. સ્વાધ્યાય કરવા જેવું પુસ્તક છે.

સ્વાધ્યાય રત્નાવલિ

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન બંને માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા ૧-૪-૦ પોસ્ટેજ અલગ.

લખો—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઈ પડેલ છે. પાકું બાઈંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only